# સહજ-સત્સંગ

અંક : ૨૭૫ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા નવેમ્બર - ૨૦૧૧



## દ્વાદશ જ્યોતિર્લિંગો



# મા મીરાંબિકા

In the light we shall see,
in Thy knowledge we shall know,
In Thy will we shall realise. - The Mother

## પ્રભું હું તારોજ !

ભાવાનુવાદ

પ્રભુ તારા જ પ્રકાશમાં, અમને તુજ દર્શન થશે,
પ્રભુ તારા જ જ્ઞાનમાં, અમને તારી સમજણ મળે,
પ્રભુ તારી જ ઈચ્છામાં, અમને તવ સાક્ષાત્કાર થશે,
તારામય જ બની રહું એ અભ્યર્થના હૃદયે વસે.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૭ જુલાઈ ૧૯૧૪)



પૃથ્વી પરના સાક્ષાત્કારો અમારાં ચક્ષુને માટે બહુ મોટા- મહત્ત્વના બની જાય છે, કેમ કે તેમનું પ્રમાણ અમારા બાહ્ય સ્વરૂપ સાથે..... ગોઠવાએલું હોય છે. પરંતુ..... તારી સમક્ષ પૃથ્વી પરનો એક સાક્ષાત્કાર તે શી વસ્તુ છે !..... પરંતુ તે તારી શાશ્વતીમાં તો નજરે પણ ન પડે તેવી માત્ર એક ક્ષણ જ છે..... તારા કાર્યકર્તાઓએ આ વસ્તુ ભૂલવાની નથી, નહિ તો પછી તેઓ તારી સેવા કરવાને અપાત્ર બની જશે.....

હે મારા મધુર ગુરુ, તારી પરમ અને દિવ્ય સંકલ્પશક્તિને (એકમાત્ર) વ્યક્તિરૂપ આપવાની ઈચ્છા કરવી એ કેવી તો બાલિશતા છે! તારા હૃદયમાં અમે અદ્વૈત પામી જઈએ અને ત્યાં જ કાયમનાં રહેતાં થઈ જઈએ એટલું જ બસ નથી ?..... જે સાક્ષાત્કાર સર્વ રીતની બાહ્ય પરિસ્થિતિથી સ્વતંત્ર હોય, કોઈપણ રીતની આસક્તિ કે સમજણથી મર્યાદિત ન હોય એ જ સાચો સાક્ષાત્કાર છે..... આવો સાક્ષાત્કાર તો માત્ર એ જ છે કે તારી સાથે પૂર્ણરૂપે, મજબૂત રીતે, નિશ્ચિતરૂપે એકરૂપ થઈ જવું.....

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સાક્ષાત્કારની અનંતતા) | ૧ |
| **૨૪ નવેમ્બર સિદ્ધિદિન-** (અધિમનસનાં સાક્ષાત્કાર) | ૪ |
| **નિરંતર ગતિનો માર્ગ** | ૪ |
| **માતૃવાણી** (પૃથ્વીનો સ્મૃતિભંડાર (ચિત્રગુપ્તનો ચોપડો) | ૯ |
| **સાવિત્રી** (આંતર-પ્રેરણાઓનું અવતરણ) | ૧૨ |
| **યોગ વિષે પત્રો** (આવિર્ભાવો અને પ્રાદુર્ભાવોનું કાર્ય) | ૧૭ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (યોગીની અનુભૂતિઓ અને આજનું વિજ્ઞાન) | ૨૧ |
| **ઉપનિષદોનું અમૃત** (સંસારચક્રમાંથી મુક્તિ) | ૨૪ |
| **વેદવિજ્ઞાન** (મરુતો અને રોદસીનો સાક્ષાત્કાર) | ૨૭ |
| **સુંદર કથાઓ** (મિથ્યાભિમાન) | ૨૯ |
| **યોગ પર દીપ્તિઓ** (સત્યોની શ્રેણીઓ) | ૩૦ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (મૃત્યુની પ્રક્રિયા શું છે ?) | ૩૨ |
| **સાંજના વાર્તાલાપો** (અતિમનસની કક્ષાઓ અને જીવન) | ૩૪ |
| **ભાવિ - સમાજ** (ભાવિ-સમાજનાં લક્ષણો) | ૩૬ |
| **આગામી-ભાવિ** (અશક્ય વસ્તુ નથી) | ૩૯ |
| **સર્વાંગી આરોગ્ય** () | ૪૦ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સૂક્ષ્મ ઇન્દ્રિયોની વાસ્તવિકતા) | ૪૩ |
| **વેદનું રહસ્ય** (આધુનિક સિદ્ધાંતો) | ૪૫ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭૨ વર્ષ : ૨૨
નવેમ્બર - ૨૦૧૧

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો. ૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'** ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# સાચો સાક્ષાત્કાર

(પૃ.૧૫૧-૧૫૨)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણે ભૌતિક જીવનમાં જ જીવતાં હોઈએ છીએ તે જીવનની નબળાઈઓ, પતનો, અસીમ ચેતનાનો ક્ષણિક સાક્ષાત્કાર પણ આપણને ખૂબ જ મહત્ત્વનો લાગે છે, પણ તારું મૂળ અસ્સલ સ્વરૂપ જોતાં તેમની કોઈ કિંમત નથી. અનંતકાળના તારા સાક્ષાત્કાર સામે આવા સાક્ષાત્કારો તો એક ક્ષણમાત્રના સાક્ષાત્કાર જેવા નજીવા લાગે છે. કોઈપણ સાક્ષાત્કાર અંતિમ નથી; એ સત્ય, સત્યના સાધકે ભૂલવાનું નથી. નહિ તો તે પ્રભુની સાચી સેવા કરવા માટે અપાત્ર ઠરશે.

બીજી પણ સાક્ષાત્કાર વિશે એક ભૂલ થાય છે. વ્યક્તિગત સાક્ષાત્કાર નથી. સમગ્ર બ્રહ્માંડ સાક્ષાત્કાર કરે અને તે પણ સર્વદા અને સર્વત્ર તે જ સાક્ષાત્કારનું મહત્ત્વ છે, તેથી વ્યક્તિગત સાક્ષાત્કારને પૂર્ણ સાક્ષાત્કાર સાથે સરખાવવો ભૂલ છે.

ખરેખર તો પ્રભુ સાથે એકરૂપ થઈને રહેવામાં જ સાધકે મગ્ન રહેવું જોઈએ. પોતાનો સાક્ષાત્કાર કઈ કક્ષાનો છે વગેરે માથાકૂટમાં તેણે પડવાની જરૂર જ નથી. જે પણ સાક્ષાત્કાર થાય તે સ્વીકારો અને આગળ વધો એ જ આપણી ભૂમિકા રહેવી જોઈએ.

સાચો સાક્ષાત્કાર એ છે કે જે બાહ્યપરિસ્થિતિ કેટલી પણ વિરોધી હોય છતાં જે સર્વ પરિસ્થિતિમાં ટકી રહે છે. તે સ્થળકાળથી પર હોવો જોઈએ. તેમાં ગેરસમજ કે આસક્તિનો છાંટો પણ ન હોવો જોઈએ. આવા જ સાક્ષાત્કારનું સાચું આધ્યાત્મિક મૂલ્ય છે.

પ્રભુ સાથે પૂર્ણરીતે, કાયમીસ્વરૂપે, સદાસર્વદા એકરૂપ થવું એ જ સાચો સાક્ષાત્કાર છે.

કાળના પ્રવાહમાં જે સાક્ષાત્કારો રચાતા હોય છે તે અધૂરા અને અશાશ્વત હોય છે. તે પ્રભુના સંકલ્પાનુસાર નિર્માણ થાય છે, ટકે છે અને વિલીન થઈ જાય છે. પ્રભુ જ તેનું આયોજન કરે છે.

જ્યારે સાચા સાક્ષાત્કાર બાબતની આવી પાકી અને સાચી સમજણ દૃઢ થાય છે ત્યારે સાધક સાક્ષાત્કારની ગુણવત્તા કે મૂલ્ય જોવાની કડાકૂટમાં પડતો જ નથી. તેથી માનવી - ચિંતાઓથી મુક્ત થઈ તે ફક્ત પ્રભુ સાથેની એકરૂપતા ટકાવવામાં જ એકાગ્ર બનેલો હોય છે.

## ૨૪ નવેમ્બર - સિદ્ધિદિન - (અધિમનસનો સાક્ષાત્કાર)

(સૌજન્ય : સંદેશ સંહિતા - પૃ.૧૯,૨૧,૨૩)

**૨૪ નવેમ્બર, ૧૯૫૩ના રોજ સિદ્ધિદિન નિમિત્તે આશ્રમે પ્રસિદ્ધ કરેલી શ્રી અરવિન્દની અનુભૂતિ**

અંધારી ગુફાઓમાં પ્રકાશ આવે તેમ એક આંતરિક સભરતા આવી છે. જીવનના બહુવિધ તંતુઓને એ સભર ભરી રહી છે, પ્રકાશિત કરી રહી છે, રણઝણાવી રહી છે. એ સભરતાએ ભૂતકાળની ભુલાઈ ગયેલી સિદ્ધિઓનો સંપર્ક પાછો જાગ્રત કરી આપ્યો છે, અને એ રીતે, વર્તમાનના પલટાતા આકારોના પાયા ઉપર ભાવિની નવી સિદ્ધિઓનો આરંભ કરવાની શક્તિ તે મને આપી રહી છે, જીવનના પ્રવાહો ઊર્ધ્વના અવકાશોમાંથી ઊતરી રહેલા પ્રકાશનાં કિરણોને મળવાને માટે છલકાઈ રહ્યાં છે અને એ મિલન દ્વારા જગતની કાયાપલટ સાધવા, જગતનાં વિકૃત અને અસત્ય તત્ત્વોનું સુંદર અને સાચું રૂપાંતર કરવા માટે ઝંખી રહ્યા છે.

જ્યોતિઓની હે જનની, મારા મનની સાંકડી ક્ષિતિજોમાં તું ઉદય પામી છે. એની અગાધ જડતાઓમાં એની દીવાલોમાં અંતરાયેલા અવકાશોમાં તેં હૃદય જેવી કોઈ એક વસ્તુ સરજી આપી છે અને તે પોતાનું શાશ્વત જીવન ગાળવાની છે. મનના નિર્જન વેરાન ધ્રુવ પ્રદેશોમાં તેં એક હૂંફાળો સજીવ ખંડ મને બતાવ્યો છે અને હું ત્યાં સુરક્ષિત રીતે નિવૃત્ત થઈ શકું છું અને તારામાં ત્યાં મારો આશ્રય પામી શકું છું.

ગતિમાન શક્તિઓની નીચલી ભૂમિકા પરની જાળ હજી ટકી રહેલી છે, પણ તેની અંદર હું તારી હાજરી અનુભવું છું. ગતિમાન શક્તિઓની ઊર્ધ્વ ભૂમિકા પરની જાળ પણ હજી રહેલી છે અને ત્યાં પણ તું, આ પહેલાં ત્યાં કદી ન હતી તેવી જીવનની એક ઉષ્માને વરસાવતી તારાં કદમ ભરી રહી છે, ત્યાંના મંદ ઘૂસર અજવાળાને તેં સજીવન જલોના એક ઝળહળતા પ્રકાશમાં પલટાવી દીધું છે. તારું

સક્રિય અને જીવંત સાંનિધ્ય હર સ્થળે આવી રહેલું છે. મારી અભીપ્સાની વાણીને તેં સંમતિ આપી છે, તું સર્વવ્યાપક બની રહે એ રીતની મારી પ્રખર માગણીને તેં સ્વીકારી છે. અજ્ઞાનની રીતે હું જે જે શોધતો હતો તે કરતાં યે ઘણી ઘણી વિશેષ વસ્તુઓ તેં મને બતાવી છે. હું જ્યારે સત્યમાં અને જગતના મહાનિયમમાં સ્થિત હોઉં છું ત્યારે તું મારી નિકટની બને છે, મારી સાથે એકરૂપ બની રહે છે, અને છતાં, હું જ્યારે ભૂલ અને અસત્યમાં ઊભેલો હોઉં છું ત્યારે તું મારાથી દૂરની બની જાય છે, દૂર દૂર સરી જાય છે.

હે જ્યોતિઓની જનની, મારી આસપાસથી જ્યારે અંધારના ઓછાયા ઓસરી જશે, મારા હરેક અંશની અંદર તું મને જ્યારે સર્વ પ્રકારના દંભ અને જૂઠથી મુક્ત બનેલાં જોશે, મારા શરીરના હરેક કોશમાં તું જ્યારે તારે માટેનું એક શાશ્વત નિવાસસ્થાન, એક શાશ્વત મંદિર રચાએલું જોશે, તું મને જ્યારે તારી સાથે એકરૂપ થઈ ગએલો અને છતાં તારી આરાધના કરતો નિહાળશે, તું જ્યારે જ્ઞાનના ઘન સુવર્ણને ભક્તિનાં સજીવન અને વહેતાં નીર રૂપે ઓગાળી આપશે, તું જ્યારે મારી મિટ્ટીને ભાંગી દઈ તેમાં રહેલી શક્તિઓને મુક્ત કરી આપશે, મારા દર્પને તું જ્યારે તારા હાથમાં શક્તિનું રૂપ આપી દેશે, મારા અજ્ઞાનને પ્રકાશમાં પલટી આપશે, મારી સંકુચિતતાને વિશાળતામાં મૂકી આપશે, મારા સ્વાર્થીપણાને એક કેન્દ્રિત સ્થળે એકત્રિત થતી શક્તિઓના સાચા સંમિલન રૂપ બનાવી આપશે, મારા લોભને સત્યનાં તત્ત્વોની પ્રાપ્તિ માટેના એક અથાક સંશોધન કરણરૂપ કેન્દ્રરૂપે પલટી આપશે, મારા મનને તારે અવતરવા માટેની નહેર રૂપ બનાવી લેશે, મારા હ્રદયને એક શુદ્ધ અગ્નિ અને શુદ્ધ જ્વાલાને ધારણ કરતી તારી વેદી સ્વરૂપ બનાવી લેશે, મારા જીવનને તારા કાર્ય માટેની એક શુદ્ધ અને જ્યોતિર્મય સામગ્રી બનાવી લેશે, મારા શરીરને, તું તારામાંથી જે તત્ત્વ મને આપવા માગતી હશે તેને ઝીલવા માટેના એક સજ્ઞાન પાત્રરૂપે બનાવી લેશે; ત્યારે, હે માતા, ત્યારે મારા જીવનનું અત્યારનું અને ભાવિનું લક્ષ્ય સાચી રીતે, ખરી અને વિશાળ રીતે સિદ્ધ થશે. મારામાં અભીપ્સા જાગી રહી છે ! મારી જે જે પ્રબળ ઝંખના છે તે સર્વ તું મારામાં સિદ્ધ કર.

# સિદ્ધિ દિવસ

- જ્યોતિબહેન થાનકી

૨૪મી નવેમ્બર ૧૯૨૬નો એ દિવસ હતો. સાંજના સાડાપાંચ વાગ્યા હતા. એ સમયે આશ્રમના અંતેવાસીઓને શ્રી માતાજીનો તાકીદનો સંદેશ મળ્યો કે ધ્યાન માટેના વરંડામાં બધા જલ્દીથી આવી પહોંચો. એ વખતે આશ્રમમાં સાધકોની સંખ્યા ચોવીસની હતી. એકબીજાને સંદેશો મળતાં લગભગ સાંજના સાડા છ વાગ્યા સુધીમાં તો બધા સાધકો વરંડામાં હાજર થઈ ગયા. નવેમ્બરનો મહિનો એટલે છ વાગ્યામાં અંધારું થઈ ગયું હતું. બધા સાધકો શાંતિથી વરંડામાં બેસી ગયા. શ્રી અરવિન્દના આગમનની રાહ જોવા લાગ્યા. શ્રી અરવિન્દના સાંનિધ્યમાં બધા સાધકો ધ્યાન કરતા, તેમનું પ્રત્યક્ષ માર્ગદર્શન મેળવતા. એ રીતે તેઓ તે દિવસે પણ શ્રી અરવિન્દના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. પણ તે દિવસનું વાતાવરણ કંઈક જુદું જ હોય તેવું તેઓએ અનુભવ્યું.

શ્રી અરવિન્દ દરરોજ જે બારણેથી આવતા હતા એ બારણું તેમની બેસવાની ખુરશીની પાછળ જ હતું. એ બારણા આગળ કાળો રેશમી પડદો લગાવવામાં આવ્યો હતો. તેમાં સોનેરી ભરતથી ચીનના ત્રણ ડ્રેગન - રાક્ષસી પ્રાણીઓ નીચેના ભાગથી ઉપર સુધીમાં એકબીજાને પૂંછડેથી અડકીને દર્શાવેલાં બતાવ્યાં હતાં. (ચીનમાં એવી પ્રચલિત ભવિષ્યવાણી છે કે જ્યારે પૃથ્વીમાં, અંતરિક્ષમાં અને આકાશમાં વ્યાપેલ વિરાટતત્ત્વ - વ્યાલ એકબીજાંને મળશે, ત્યારે પૃથ્વી ઉપર સત્ય પ્રગટ થશે.)

સમગ્ર વાતાવરણમાં સઘન શાંતિ છવાયેલી હતી. સહુ સાધકો ગંભીર મૌનમાં બેઠા હતા અને શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીના આગમનની રાહ જોઈ રહ્યા હતા. આવી સઘન શાંતિમાં ઘણાંને એક પ્રકારનો મહાસાગર ઉપરથી નીચે ધસી આવતો હોય એવી સ્પષ્ટ અનુભૂતિ થઈ. જાણે મસ્તક પરથી કોઈ ભારે વસ્તુ દબાણ કરતી નીચે ઉતરવા દબાણ કરી રહી હોય તેવું અનુભવાયું ! આ દિવસની અનુભૂતિનું વર્ણન કરતાં અંબુભાઈ પુરાણીએ તેમના શ્રી અરવિન્દ જીવન પુસ્તકમાં લખ્યું છે; ''સમગ્ર વાતાવરણ જાણે કોઈ વિદ્યુતશક્તિનાં આંદોલનોથી સભર એવું સહુ અનુભવી રહ્યા. એ મૌન અને ઉત્સુકતાસભર વાતાવરણમાં રોજનો પરિચિત છતાં

આજે જુદો જણાતો હોય એવો બારણા પરનો ટકોરો સંભળાયો અને સહુની દૃષ્ટિ બારણા પર જડાઈ ગઈ. બારણું ખૂલ્યું. શ્રી માતાજીએ શ્રી અરવિન્દને વરંડામાં પહેલાં પ્રવેશવા દૃષ્ટિમાત્રથી સૂચન કર્યું. અને શ્રી અરવિન્દ પણ શ્રી માતાજીને દૃષ્ટિમાત્રથી જ પહેલાં પ્રવેશવા કહ્યું. આથી શ્રી માતાજી ધીમે પગલે, ગંભીર ભાવે, આગળ આવ્યાં અને તેમની પાછળ શ્રી અરવિન્દ આવ્યા. શ્રી અરવિન્દ પોતાની ખુરશી પર બિરાજ્યા. આ ખુરશીની જમણી તરફ એક નાનું સ્ટૂલ મૂકવામાં આવ્યું હતું. તેના પર શ્રી માતાજી બિરાજ્યાં. વાતાવરણ સંપૂર્ણ નીરવ બની ગયું. દિવ્ય હાજરીથી સભર મૌન સર્વત્ર વ્યાપી ગયું. સહુ ઊંડા ધ્યાનમાં એકાગ્ર બની ગયા. પૂરી પિસ્તાળીસ મિનિટ સુધી ધ્યાન ચાલ્યું. ધ્યાન પછી દરેક સાધકે ઊભા થઈને શ્રી માતાજીને પ્રણામ કર્યા અને શ્રી માતાજી અને શ્રી અરવિન્દે દરેકને આશીર્વાદ આપ્યા. જ્યારે શ્રી માતાજી આર્શીવાદ આપતાં ત્યારે તે જ વખતે શ્રી અરવિન્દનો જમણો હાથ પણ હવામાં આગળ આવતો. જાણે તેઓ પોતે જ શ્રી માતાજી દ્વારા આ રીતે આર્શીવાદ આપી રહ્યા છે તેવું સહુએ અનુભવ્યું. પ્રણામની વિધિ પૂરી થયા બાદ પણ ફરી ખુલ્લી આંખે પાંચેક મિનિટ ધ્યાન થયું.

‘‘આ ટૂંકા સમયમાં ઘણાંને ઊર્ધ્વમાંથી નીચે ઝરતા કોઈ દિવ્ય પ્રવાહનો અનુભવ થયો અને ત્યારે જાણે કોઇ દિવ્ય સ્વપ્નમાંથી જાગ્યા હોય એમ આ સમગ્ર ઘટનાની ભવ્યતા એની કાવ્યમયતા અને નરી સુંદરતાનું ભાન થયું. દુનિયાના એક ખૂણામાં થોડા સાધકો એક અસાધારણ પ્રસંગે પોતાના મહાગુરુ અને શ્રી માતાજીના આર્શીવાદ જ માત્ર લેતા હતા એટલો જ આ ઘટનાનો અર્થ ન હતો. પૃથ્વીની ચેતના ઉપર કોઈ ઊર્ધ્વચેતનાનું અવતરણ થયું હતું એ નિઃસંદેહ હતું. આ પરમ મૌનમાં કોઈ મહાન આધ્યાત્મિક કાર્યનો પ્રચંડ અંકુર વડના અંકુર પેટે ફૂટ્યો હતો. પણ આ પ્રસંગે જે મહત્તા લાગતી હતી તે મૌનની દિવ્યસક્રિયતામાં, એના અલૌકિક ગૌરવમાં અને સઘળી ક્રિયાઓમાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના દેહની એક-એક ક્રિયામાં પણ પ્રગટેલી નરી સુંદરતાને આભારી હતી. આવો ઊંડો, કદી ન ભૂંસાય એવો દિવ્યતાનો સંસ્કાર સૌના મન પર પડ્યો હતો, તે તો એક અનોખી જ વસ્તુ હતી.’’

ધ્યાન તો બધા દરરોજ કરતા હતા, પણ આ ધ્યાન અનોખું હતું. સમગ્ર વાતાવરણમાં ઊર્ધ્વશક્તિનું દબાણ અનુભવાતું હતું. ત્યાં હાજર રહેલી ચોવીસેય વ્યક્તિઓએ અનુભવ્યું કે તેઓ દિવ્ય પ્રવાહમાં તરબોળ થઈ ગયા છે. ત્યાં એક પરમ

નીરવતા છવાઈ રહી હતી.

પછી શ્રી માતાજી અને શ્રી અરવિન્દ અંદર જતા રહ્યાં. થોડીવાર બધા એમ જ શાંત બેસી રહ્યા. થોડીવારમાં દત્તા (મિસ હોડસન)ને પ્રેરણા થઈ. એમણે ઉચ્ચ અવાજે એ ગંભીર મૌનમાં કહ્યું; ''આજે સ્થૂલ ભૂમિકામાં ભગવાનનું અવતરણ થયું છે.'' એમના દ્વારા ઉચ્ચારાયેલી આ દિવ્યવાણી સાચી હતી કેમ કે અધિમનસની શક્તિ જે શ્રીકૃષ્ણમાં મૂર્તિમંત થઈ હતી, તે શક્તિ શ્રી અરવિન્દના દેહમાં ઊતરી આવી હતી. તેથી હવે તેનાથી ઉપરની અતિમનસ ચેતનાનું સ્થૂલ ભૂમિકામાં અવતરણ થવાની શક્યતા બની આવી. ૨૪મી નવેમ્બરનો આ દિવસ સિદ્ધિ દિવસ બની રહ્યો. આ દિવસને શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના જન્મદિવસ જેટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું. તેથી આ દિવસ પણ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના દર્શનનો દિવસ બની રહ્યો.

૨૪મી નવેમ્બરે શ્રી અરવિન્દની દેહની - ભૂમિકામાં અધિમનસનો પ્રકાશ ઊતરી આવ્યો અને તેથી અતિમનસના અવતરણની શક્યતા બની આવી. પણ પ્રશ્ન એ થાય છે કે આ અધિમનસ શું છે ? અને અતિમનસ શું છે ?

અતિમનસ એટલે પરમાત્માની પૂર્ણ ચેતના સત્ત, ચિત્ત અને આનંદમયી દિવ્ય ચેતના. હવે આપણે મનુષ્યો મનની ચેતનામાં રહીએ છીએ; જે ચેતનામાં અજ્ઞાન છે, ભેદ છે, વિસંગતતા છે. આપણું સામાન્ય મન સીધે સીધું કંઈ અતિમનસ બની જતું નથી. પણ મનની ચાર શ્રેણીઓ વટાવ્યા બાદ અતિમનસ આવે છે. સામાન્ય મન, પછી ઊંચે ઊઠતા આવે છે, ઊર્ધ્વમન. ઊર્ધ્વમન ઊંચે ઊઠે છે, ત્યારે આવે છે પ્રકાશિત મન. એ પછી આવે છે, પ્રેરણાત્મક મન કે જ્યાં ભગવાન તરફથી સીધેસીધી પ્રેરણાઓ આવતી રહે છે. આ મન ફક્ત નિર્ણય કે સૂચનો જ આપતું નથી, પણ સત્યદર્શનથી પ્રકાશપૂર્ણ રીતે બધાં કાર્યો કરે છે. પ્રેરણાત્મક મનથી ઉપર જતાં આવે છે, અધિમનસ.

અધિમનસ એ માનવમનની સર્વોચ્ચ ભૂમિકા છે. માનવચેતના મનની બધી ભૂમિકાઓને પાર કરીને આ અધિમનસમાં પહોંચે છે. અધિમનસ એ માનવમન અને અતિમનસ વચ્ચેની કડી છે. પણ મનની શ્રેણીઓમાં તે સર્વોપરી છે. પ્રભુનો અખંડ પ્રકાશ કે અતિમનસનો સીધો પ્રકાશ આ ભૂમિકામાં આવે છે. એટલે અહીંની શક્તિઓ સીધી પ્રભુમાંથી જ આવતી હોય છે પણ અહીં આવતા એ શક્તિઓનું

વિભાજન થવા લાગે છે. પણ દરેક શક્તિ સ્વતંત્ર છે એમ વિચરે છે છતાં એને એના મૂળ સ્રોતનું ભાન હોય છે. આથી પરમાત્મા સાથે સીધા સંપર્કમાં હોવાથી અહીં ભેદ કે કોઈ વિસંવાદિતા નથી. છતાં આ પ્રકાશ માનવપ્રકૃતિનું રૂપાંતર કરી શકે તેમ નથી. ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી ઉપર અધિમનસ ચેતનાનો આવિર્ભાવ કર્યો. તે વખતે પૃથ્વી ઉપરની માનવચેતના અતિમનસના પૂર્ણ પ્રકાશને ધારણ કરી શકે એટલી કદાચ તૈયાર નહીં હોય. હવે ભગવાન શ્રીકૃષ્ણે જ શ્રી અરવિન્દને અધિમનસથી ઉપરની અતિમનસ ચેતનાના અવતરણનું કાર્ય સોંપ્યું હતું. શ્રી અરવિન્દની સાધનાના પરિણામે અધિમનસની શક્તિ એમના દેહમાં - સ્થૂલભૂમિકામાં ઊતરી આવી. જો તેમણે ઇચ્છયું હોત તો આ સિદ્ધિથી તેઓ મહાન ચમત્કારો કરી શક્યા હોત કે એક નવો ધર્મ ઊભો કરી શક્યા હોત. પણ નવો ધર્મ સ્થાપવાનું એમનું કાર્ય નહોતું. પણ એમનું કાર્ય તો હતું, નવી ચેતનાના અવતરણ દ્વારા માનવપ્રકૃતિનું દિવ્યપ્રકૃતિમાં રૂપાંતર કરાવવાનું. આથી આ સિદ્ધિએ તેઓ અટક્યા નહીં પણ આ સિદ્ધિ એમની અતિમનસ સાધનાનું પ્રવેશદ્વાર બની રહી.

આ પછી થોડા જ દિવસોમાં શ્રી અરવિન્દ નિવૃત્ત થયા અને એકાંતવાસમાં ચાલ્યા ગયા. તેમણે શિષ્યોને જણાવ્યું કે ''આજથી હું મારી સાધના માટે એકાંતવાસમાં જઈ રહ્યો છું. શ્રી માતાજી બધાંની સંભાળ રાખશે. તમારે હવે બધું એમને જણાવવાનું. હવે તેઓ મારું પ્રતિનિધિત્વ કરશે.'' આ જાહેરાત પછી તેમણે સર્વબાહ્ય પ્રવૃત્તિઓમાંથી પોતાની જાતને ખેંચી લીધી અને અધિમનસની આગળની ભૂમિકાની સાધનામાં એકાગ્ર બની ગયાં.

''પણ તમે શા માટે એકાંતમાં ચાલ્યા ગયા?''

શિષ્યે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે, ''મારે સ્થૂલ વાતાવરણમાંથી મારી જાતને દૂર રાખવી હતી. શ્રી માતાજી કરે છે, તે કાર્ય જો મારે કરવાનું હોય, તો મારે જે કરવાનું છે, તેનો સમય જ ન મળે.''

શ્રી અરવિન્દનું એ કાર્ય હતું અતિમનસ ચેતનાનું અવતરણ કરાવવાનું. એ માટે ઉપરના માળમાં પોતાના ઓરડાની અભેદ્ય ગુફામાં ફરી ચોવીસ વર્ષ સુધી તેમણે આ યુગમાં અજોડ એવી તપશ્ચર્યા કરી અને ભગવાન પાસેથી માનવજાતિને માટે વરદાન મેળવ્યું કે માનવની અંદર જ છેક સ્થૂલ શરીરની ભૂમિકા સુધી પરમાત્મા પૂર્ણ રૂપે પ્રગટે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

(માતૃવાણી - ૪) (૧૫ ફેબ્રુ. ૧૯૫૧) (પૃ.૧૨૩-૧૨૯)

## પૃથ્વીનો સ્મૃતિભંડાર (ચિત્રગુપ્તનો ચોપડો)

પ્રકરણ - ૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મને ઘણીવાર - સ્વપ્નાં આવે છે. તેમાં હું જોઉં છું કે - ગાડી ચૂકી જતો હોઉં છું, (બાળક) પૃ.૧૨૩

૨ સ્વપ્ન વિનાની નિદ્રા કયા પ્રકારની હોય છે? (બાળક) પૃ.૧૨૪

૩ વ્યક્તિઓને - અગાઉ સ્વપ્નમાં મળીએ છીએ અને પછી જાણીએ છીએ - એવું કેમ બનતું હશે? (બાળક) પૃ.૧૨૪

૪ શું ખોટાં સૂક્ષ્મદર્શનો ન હોઈ શકે? (બાળક) પૃ.૧૨૫

૫ તમારી પાસે એવું મન છે કે જે શાંત રહી શકે, જે સમગ્રપણે સત્યનિષ્ઠ હોય, જેનું વલણ તદ્દન વસ્તુગત હોય, જે ચીવટપૂર્વક પોતે જોએલું હોય તે વસ્તુ વિષે જ કહેતું હોય. પૃ.૧૨૬

૬ વિશ્વમાં બનતી પ્રત્યેક ઘટનાનું ચોક્કસ અને સંપૂર્ણ વૃત્તાંત પાર્થિવ મનના, પાર્થિવ પ્રાણના, સૂક્ષ્મ પાર્થિવના કોઈક ઠેકાણે આપોઆપ નોંધાએલું તમને મળી આવે છે. પૃ.૧૨૭

૭ મનોમય ભૌતિક એવો પ્રદેશ છે જે અસંખ્ય ઘોડાઓથી (પુસ્તકો રાખવાનાં સ્ટેન્ડસ્‌થી) ભરચક ભરેલો છે..... (તમને તમારી જિજ્ઞાસાને અનુરૂપ ત્યાં એક નાનું ટપકું દેખાશે. એ..... ચળકતું હોય છે.)

માતાજી 'માતાજીની વાણી' માંથી સ્વપ્નો અને દર્શનો વિષે વાંચી રહ્યાં છે.

**બાળક :** મને ઘણીવાર સ્વપ્નાં આવે છે જેમાં વધારે સામાનને કારણે હું ટ્રેન ચૂકી જતો દેખાઉં છું.

**માતાજી :** ટ્રેન, સ્ટીમર, ઍરોપ્લેન એ લગભગ તમારી સાધનાને આગળ લઈ

જતી દિવ્ય-શક્તિનાં પ્રતીક છે. તમે તમને નિરુપયોગી વસ્તુઓમાં વધારે ધ્યાન આપો છો, એ છે તમારો વધારાનો સામાન. દિવ્ય-શક્તિ તમને સાધનાને મહત્ત્વ આપવાનું સમજાવવા માંગે છે.

**બાળક :** કલકત્તામાં હતો ત્યારે તમારા જેવી જ સફેદ વસ્ત્રોમાં સજ્જ વ્યક્તિ મને એક સફેદ ફૂલ આપતી, જેને તમે 'નવસર્જન' નામ આપેલ છે.

**માતાજી :** તમારા ભાવિનું અને મારી મદદનું પ્રતીક છે. તમે અહીં અતિમનસ જગતના સર્જન માટે આવ્યા છો.

**બાળક :** માતાજી, સ્વપ્ન વગરની નિદ્રા હોઈ શકે ?

**માતાજી :** તમારાં મન અને પ્રાણને શાંત કરી શકો તો હા. તમારે તન, મન, પ્રાણને શાંત કરીને, પોતાના સ્વરૂપમાંથી ઊર્ધ્વ - જગતોમાં પ્રવેશવાની ટેવ પાડવી જરૂરી છે, ત્યાં તમને સત્-ચિત્-આનંદની શાંતિ મળે છે.

**બાળક :** માતાજી, સ્વપ્નમાં જોએલી વ્યક્તિને પાછળથી મળવાનું થાય છે ? આમ કેમ ?

**માતાજી :** તેના અને તમારા કોઈ ગત - જન્મોમાં આંતરિક સંબંધો હોય છે. આવી વ્યક્તિ જીવનમાં પ્રથમ વખત મળે તો પણ તે ચિરપરિચિત લાગે છે. તેઓ તમને નિદ્રાવસ્થામાં સંપર્ક સાધી તમારું ભલું કરવા ઇચ્છતા હોય છે.

**બાળક :** માતાજી, શું ખોટાં દર્શનો હોઈ શકે છે ?

**માતાજી :** નીચેની સ્થિતિમાં ખોટાં દર્શનો હોય છે :

૧ જો વ્યક્તિએ તેનું સૂક્ષ્મદર્શન કરેલું જ ન હોય અને છતાં કલ્પનાથી રચી તેને સૂક્ષ્મદર્શન માનતો હોય તો.

૨ જો તે તેણે જોએલા દર્શનમાં પોતાનો કાલ્પનિક ભાગ ઉમેરીને જણાવે તો.

સૂક્ષ્મદર્શન થવું અને તેનો સાચો અર્થ જાણવો એ ભિન્ન વસ્તુ છે. દર્શન એક તો થએલું હોય છે કે નથી થએલું હોતું. પણ ઘણા લોકો તે દર્શનનો ખોટો અર્થ લઈને તે ખોટું પડતાં દર્શન ખોટું હતું એમ જણાવે છે. તે વાત વ્યાજબી નથી. દર્શનની ઘટના તો સાચી જ છે.તેનો અર્થ ખોટો લેવાએલો છે એ જ સાચી હકીકત છે.

દર્શનનું સાચું અર્થઘટન કરવા તમારું મન શાંત, સત્યનિષ્ઠ, વાસ્તવિક તટસ્થ વર્ણન કરનાર અને ચીવટાઈથી સમજનાર હોવું જરૂરી છે. ચિત્ત શાંત હોય અને

દર્શનની સાચી યથાર્થ નોંધ લીધી હોય તો અર્થઘટન સાચું કરવામાં મદદરૂપ થાય છે.

વિશ્વમાં બનતી નાનામાં નાની ઘટનાનું વૃત્તાંત પાર્થિવમન, પાર્થિવપ્રાણ અને સૂક્ષ્મ શારીરિકમાં થતું જ હોય છે. તેને ભારતીયો 'ચિત્રગુપ્તનો ચોપડો' કહે છે. પૃથ્વીનું પોતાનું આવું વિશાળ સ્મૃતિભંડાર છે. તમે તેમાં પ્રવેશીને જરૂરી વિગતો મેળવી પણ શકો છો પણ તેનો રીતસરનો પ્રયાસ કરવો જરૂરી છે. માતાજી જણાવે છે કે તેમાં પ્રવેશતા તમને વાચનાલય જેવા અસંખ્ય ઘોડા (સ્ટેન્ડસ્) જોવા મળે છે. દરેકમાં અનેક ખાનાં છે. તેમાં વર્ગીકૃત વિગતો સચવાએલી છે. તમને જે જાણવું હોય તેના ઈન્ડીકેટર તરીકે એક નાનકડું ચળકતું ટપકું તમને માર્ગદર્શન આપે છે. તે જ્યાં સ્થિર થાય ત્યાં તમને જરૂરી વિગતો મળે છે. તે વિગતો મેળવતી વખતે તમે કોઈ જૂનો ગ્રંથ વાંચતા હો એવું લાગે છે.

તમે ઐતિહાસિક ઘટનાઓનું વાસ્તવિક સત્ય આ રીતે જાણી શકો છો. ઈતિહાસ તો સ્મૃતિના આધારે વ્યક્તિએ પોતાની મનોમય છાપોના આધારે લખેલો હોવાથી તે સંપૂર્ણ સત્ય હોતો નથી પણ આંશિક હોવાની શક્યતા હોય છે.

પૃથ્વીનો આ સ્મૃતિ ભંડાર એ કુદરતી 'ઈન્ટરનેટ' છે.

'સહજ-સત્સંગ'ના દાતાઓ, ચાહકો, વાચકો, ગ્રાહકો,
લેખકો તથા સંપાદક મંડળનાં ટ્રસ્ટીઓનું

## નૂતનવર્ષનું પ્રભુ ચરણે આત્મ-નિવેદન

હે પ્રભુ, આ નૂતનવર્ષ અમારા સહુના જીવનમાં ચેતનાનું ઊર્ધ્વારોહણ કરાવે, તમારી દિવ્યશક્તિઓના અવતરણની પ્રક્રિયાને વેગવંતી બનાવે, સાધનાની નવી સમજણ આપે અને તેને પરિણામે હે પ્રભુ, આપના પ્રત્યે પ્રેમ-ભક્તિ અને સમર્પણ રચી આપનું કાર્ય કરવાની ક્ષમતા આપે; એવી સહુ બાળકોની એકમાત્ર અભીપ્સા અને નમ્ર પ્રાર્થના-રૂપ આત્મ-નિવેદન સ્વીકારો. જેથી અમારાં દરેકના જીવનમાં દિવ્યાનંદનું, શાંતિનું, તુષ્ટિપુષ્ટિનું ઝરણું સદા વહેતું રહે.

સહુ ભાઈ-બહેનોને પ્રભુના આશિષ સાથે નૂતનવર્ષાભિનંદન.

**-માતાજીનાં બાળકો**

# સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

## આંતર-પ્રેરણાઓનું અવતરણ

પ્રકરણ - ૧૧૦

(Savitri B-1, C-4, P-46-47)

Our souls can visit in great lonely hours
Still regions of imperishable Light,
All-seeing eagle-peaks of silent Power
And moon-flame oceans of swift fathomless Bliss
And calm immensities of spirit Space.

અશ્વપતિને ચિદાકાશનો અનુભવ આવી રહ્યો છે. અસીમ, નિરાકાર ચેતનાના દર્શનને ચિદાકાશ કહે છે. જ્યારે સાધકની ચેતના લાંબા સમય સુધી શાંત, સ્વસ્થ, પ્રસન્ન (great lonely hours) હોય છે, ત્યારે તેની ચેતના પોતાની મેળે ઊર્ધ્વારોહણની શરૂઆત કરે છે, ઉપર ચડવા માંડે છે. અસીમ ચેતના એટલે જ "still regions" કારણ તે અસીમ નિરાકાર ચેતનામાં તદ્દન પ્રશાંતિ હોય છે. કોઈ હલચલ હોતી નથી. ત્યાં એક સૌમ્ય પ્રકાશ ફેલાએલો હોય છે. તે પ્રકાશ ચેતનાનો પોતાનો હોય છે. ચેતનાનો જ સર્વત્ર સમાન રીતે ફેલાએલો તે પ્રકાશ હોય છે. તેમાં વધઘટ થતી જ નથી, તેથી શ્રી અરવિન્દ તેને "imperishable" કહે છે. Light નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે દિવ્ય-પ્રકાશ છે, મૂળ - ચેતનાનો પ્રકાશ છે એમ સૂચવેલ છે. એ ચેતના સ્તરે સાધકને સર્વત્ર તે પ્રકાશ જ દેખાતો હોય છે, કોઈ આકાર દેખાતો જ નથી. ફક્ત પ્રકાશ જ દેખાય છે. નિરાકાર પ્રકાશ સિવાય કાંઈ દેખાતું નથી, તેથી શ્રી અરવિન્દ તેને All seeing eagle - peak ! કહે છે. સામાન્ય ચેતનામાં માનવ જે દિશામાં જોતો હોય છે તે દિશામાંની વસ્તુઓ તેને દેખાતી નથી. તેની દૃષ્ટિ મર્યાદિત અને સીમિત હોય છે. પણ આ આત્માનાં પ્રદેશમાંની આંતરદૃષ્ટિને આવી મર્યાદાઓ હોતી નથી. ભૌતિક ઇન્દ્રિયોને મર્યાદા હોય છે. સૂક્ષ્મ આંતર-ઇન્દ્રિયોને કોઈ

મર્યાદા નથી. તે એકીવખતે બધી જ દિશામાં જોઈ શકે છે. એક વખત માતાજીએ હસતાં હસતાં પોતાની પીઠ પાછળ ઊભેલા આશ્રમવાસીઓને જણાવેલું કે તેમને મસ્તકની પાછળની બાજુએ પણ આંખ છે. તે તે દિશાનું પણ જોઈ શકે છે. ખરેખર આ સૂક્ષ્મ ઇન્દ્રિયોની સક્રિયતા દર્શાવે છે. તેમની ભૌતિક શરીરનાં ગુલામીમાંથી મળેલી મુક્તિ દર્શાવે છે. ગરુડ જેમ પર્વતનાં ઉચ્ચોચ્ચ શિખર ઉપર બેસી ચોમેરનું દૃશ્ય એક જ દૃષ્ટિક્ષેપમાં જાણી લે છે તેવી આ ઘટના છે. તેથી શ્રી અરવિન્દ અહીં "eagle-peak"નો ઉલ્લેખ કરે છે.

આ જે સૌમ્ય પ્રકાશ છે તે ચંદ્રમાની ચાંદની જેવો (moon-flame) છે, શીતલ છે, તૃપ્તિદાયક છે, પોષણ આપનારો છે. આ અવસ્થામાં આત્મતત્ત્વ પોતાના જ અસ્તિત્વ ઉપર એકાગ્ર થએલ હોય છે અને પોતે જ પોતાના નિજ-સ્વરૂપનો આનંદ લૂંટે છે. 'આત્મનૈવ-આત્મનઃ તુષ્ટઃ' એવી તેની સ્થિતિ હોય છે. આ આનંદમય ચેતનાનો અનુભવ હોય છે. ભગવાન શિવની આ ચંદ્રમૌલી કે શશિશેખર અવસ્થા છે. આને જ તંત્રમાં શાંભવી મુદ્રા કહે છે. આ અવસ્થામાં બધી જ દિવ્ય-શક્તિઓ શાંત-નિષ્ક્રિય બનીને આત્મભાવમાં લીન હોય છે, તેથી શ્રી અરવિન્દ આ અવસ્થાને "silent Powers" કહે છે. આ ચેતનાનો ચિત્-પાસાનો અનુભવ છે. ચિત્-ચેતનાનો અનુભવ છે. આ અવસ્થામાં જે આનંદ આવતો હોય છે તે તીવ્ર સ્વરૂપનો હોય છે. તેની ગહનતા અને તીવ્રતાને કારણે જ બધાં જ ગાત્રો સ્થિર અને એકાગ્ર બની ગએલાં હોય છે. લોકો આને આનંદ-સમાધિ, ભાવ-સમાધિ કહે છે. તીવ્રતા દર્શાવવા શ્રી અરવિન્દ "swift" શબ્દ વાપરે છે અને ગહનતા દર્શાવવા "fathomless" શબ્દ વાપરે છે. પણ આ બન્ને વિશેષણો છે આનંદનાં - bliss નાં જ. આમ, આનંદમય ચેતનાનો પણ અશ્વપતિ અનુભવ લેતો થાય છે.

અશ્વપતિને સત્ -ચેતનાનો પણ અનુભવ આવે છે. શાંત, સર્વત્ર - ફેલાએલા ચેતો - વિસ્તારનો અનુભવ એ જ સત્-ચેતનાનો અનુભવ હોય છે. તેમાં અસીમતાનો નિરાકારતાનો અનુભવ પ્રામુખ્યથી આવતો હોય છે. અસીમતાનો ભાવ આગળ પડતો હોય છે, જેને શ્રી અરવિન્દ Clam immensities of spirit - Spare" તરીકે વર્ણવે છે.

આવી રીતે અશ્વપતિને સત્-ચિત્ આનંદ ત્રણે પાસાંનો પોતાની જ ચેતનાનો અનુભવ આવી રહ્યો છે.

In the unfolding process of the Self
Sometimes the inexpressible Mystery
Elects a human vessel of descent.

ઉપર જણાવેલાં તે તો પરમ-ચેતનાની નિષ્ક્રિય બાજુનો સાક્ષાત્કાર હોય છે. પણ ઘણી વખત અશ્વપતિને પરમ-ચેતનાની સક્રિય બાજુનો પણ અચાનક અનુભવ આવે છે, પણ આ કાયમી સ્વરૂપનો હોતો નથી. અચાનક જાણે એક ભવ્ય-દર્શન ખૂલે છે અને વ્યક્તિની ચેતનાને પોતાના બ્રહ્માંડવ્યાપી આયોજનમાંની કોઈ ઘટનામાં સહભાગી કરવામાં આવે છે ! તે માટે જરૂરી બધું જ્ઞાન, પ્રેરણાઓ, દર્શનો, શક્તિ અને ક્ષમતાઓ, ઉત્સાહ અને અનુરૂપ અને અનુકૂળ પરિસ્થિતિ રચવામાં આવે છે. વ્યક્તિને એમ જ લાગે છે કે પરમ-ચેતનાએ તેને માટે બધી વ્યવસ્થા કરી રાખી છે અને તેની પસંદગી તે કામ માટે કરવામાં આવી છે. આ પ્રભુની કૃપા જ હોય છે. વ્યક્તિગત ગુણદોષોના બળે આ પસંદગી ઉતારેલી હોતી નથી, પણ પ્રભુની જ પસંદગી – કૃપારૂપ પસંદગી હોય છે; તે સૂચવવા શ્રી અરવિન્દ "select" શબ્દ ન વાપરતા "elect" શબ્દ વાપરે છે. selectમાં વ્યક્તિગત પર્ફોમન્સ ઉપર ભાર મૂકવામાં આવે છે. "elect"માં પસંદગીકારની પોતાની પસંદગી ઉપર. શ્રી અરવિન્દ એ દ્વારા સૂચવે છે કે આ ઘટનામાં પ્રભુકૃપા વધારે કામ કરે છે, વ્યક્તિગત ક્ષમતા નહિ.

પરમ-ચેતનની સક્રિય બાજુ શું છે ? તેનું સ્વરૂપ શું છે ? તે દર્શાવવા શ્રી અરવિન્દ જણાવે છે કે તે એક પોતાના આંતરિક સત્યોને પ્રગટ કરવાની, ખીલવવાની અથવા આવિર્ભાવની પ્રક્રિયા છે. self - unfolding છે. જે અવ્યક્ત છે તેને વ્યક્ત કરવામાં આવે છે. જે 'ઋત્' છે તેને સત્ય કરવામાં આવે છે. બીજરૂપ છે તેને વિકસાવવામાં આવે છે. આ સ્વવિકસનની પ્રક્રિયા છે, પણ આ સ્વઆવિર્ભાવની પ્રક્રિયામાં આવિર્ભાવની પ્રક્રિયાનો ઉદ્દેશ શરૂઆતમાં જ પ્રગટ કરવામાં નથી આવતો. અને તેથી સામાન્ય માનવને તે સમગ્ર પ્રક્રિયા બાબતમાં કોઈ સાચી સમજણ હોતી નથી, કારણ તેઓ તો જે પ્રગટ થયું છે તેનું જ સ્પષ્ટીકરણ મેળવવા પ્રયત્ન કરતાં હોય છે. ખરેખર જે અપ્રગટ છે ત્યાંથી જ સંચાલન થતું હોવાથી માનવને પોતાની ટૂંકી અને સીમિત સમજણને વારંવાર બદલવી પડે છે અથવા તેની પુનર્રચના કરવી પડે છે. તેનું દર્શન આવિર્ભાવની પ્રક્રિયા અનુસાર જ વધારે ને વધારે સ્પષ્ટ અને સમગ્ર બનતું જાય છે અને જ્યારે તે

આવિર્ભાવની પ્રક્રિયા પૂરી થાય છે ત્યારે જ માનવને તેની બાબતની સમજણ પરિપક્વ થતી લાગે છે.

સામાન્ય માનવની વાત ક્યાં કરીએ? જેને તે ઘટનાનું નિમિત્ત બનાવેલ છે, તે વ્યક્તિમાં પણ સમગ્ર દર્શનનો અભાવ જ હોય છે. તે વ્યક્તિ પણ તે ઘટનાને પોતાના મર્યાદિત જ્ઞાનથી જ મૂલવતી હોય છે. દા.ત. અર્જુનને મહાભારતનું યુદ્ધ એ પોતાના ઉપર થએલ અન્યાયનાં પ્રતિકારરૂપ જ લાગતું હતું. તેને તે કૌરવ-પાંડવોનો કૌટુંબિક ક્લેશ જ લાગતો હતો. પણ ભગવાન શ્રીકૃષ્ણ, જેણે તેને નિમિત્ત બનાવેલો, તેમનું સમગ્રતાનું દર્શન તદ્દન જુદું જ હતું. તેમના મતે ધર્મમાં આવેલી ગ્લાનિ અને ગેરસમજનાં બાવાજાળાં સાફ કરવા માટે જ આ પ્રસંગનો ઉપયોગ થઈ રહ્યો હતો. અર્જુનને તો ગીતાના છેલ્લે જ આ સમગ્ર-દર્શનનો ભાસ થયો, તેથી નિમિત્ત બનનારમાં તો મર્યાદિત પ્રેરણાઓ અને હેતુઓના ઓઠા નીચે જ આ દિવ્ય-આયોજન પાર પાડવામાં આવે છે અને તે દિવ્ય-આયોજન ઉપર એક ઘેરો ગૂઢતાનો પડદો પાડેલો હોય છે; આ ભાવ વ્યક્ત કરવા જ શ્રી અરવિન્દ તેને "Inexpressible Mystery" તરીકે વર્ણવે છે અને દિવ્યતા દર્શાવવા Mysteryનો આદ્યાક્ષર કેપિટલ કરે છે. બીજું, નિમિત્ત બનનારા પાત્રમાં તે ઘટનાના સૂત્રપાતને તેઓ decent તરીકે વર્ણવે છે અને વ્યક્તિને તો "human vessel" માનવી પાત્ર તરીકે જ વર્ણવે છે. તે 'ધારક' હોય છે, 'જ્ઞાપક' હોતો નથી; એમ સૂચવે છે. 'ગર્દભો ભારવાહી' કહેવામાં આવે છે. અસીમજ્ઞાનના ગ્રંથો ગધેડા ઉપર લાદેલા હોય પણ તેથી ગધેડાને તો તે રોજિંદા બોજારૂપ જ લાગે છે. જ્ઞાનનાં સાધનો તરીકે તેમને તે સમજી જ શકતો નથી.

A breath comes down from a supernal air,
A presence is borne, a guiding Light awakes,
A stillness falls upon the instruments:
Fixed sometimes like a marble monument,
Stone-calm, the body is a pedestal
Supporting a figure of eternal Peace.

આવા અજ્ઞાનગ્રસ્ત વ્યક્તિને નિમિત્ત બનાવવાનો પ્રસંગ જ્યારે ખરેખર નિર્માણ થાય છે ત્યારે તે વ્યક્તિની અજ્ઞાનમય પ્રવૃત્તિઓને તે પ્રસંગપૂરતી નિષ્ક્રિય કરવા માટે નીચેની એક ગૂઢ આધ્યામિક ઘટના બને છે.

ઊર્ધ્વમાંના ક્ષેત્રમાંથી કોઈ ગૂઢ-શક્તિનું તે નિમિત્ત બનનાર વ્યક્તિના

સ્વરૂપમાં અવતરણ થાય છે. આ અવતરણ થનારી દિવ્ય-શક્તિ બાબત તે નિમિત્ત બનેલી વ્યક્તિને પણ પૂરેપૂરો ખ્યાલ હોતો નથી. પણ પોતામાં કાંઈક ગૂઢ સંવેદનો જાગે છે એટલું તેને જરૂર લાગે છે. તેને લાગે છે કે જાણે કોઈ અદૃશ્ય હવાની લહેરકી તેના સ્વરૂપમાં પ્રવેશીને પસાર થઈ ગઈ હોય એવું લાગે છે. અને તે લહેરકી ક્યાંકથી ઊર્ધ્વ-પ્રદેશમાંથી આવેલી તેને લાગે છે. તેથી શ્રી અરવિન્દ તેને "breath" તરીકે વર્ણવે છે અને તે "Supernal air"ના પ્રદેશમાંથી આવી હોય એવું વર્ણવે છે. આને કારણે તે વ્યક્તિને એમ લાગે છે કે કોઈ ગૂઢ દૈવી-તત્ત્વ ત્યાં હાજર છે. તેની હાજરીનાં સંવેદનો તે અનુભવે છે પણ તેને દર્શન થતું નથી. શ્રી અરવિન્દ તેને "Presence" તરીકે વર્ણવે છે. તેની હાજરીને કારણે તેને આંતર-પ્રકાશ અને નવી આંતરપ્રેરણાઓનો અનુભવ થાય છે. હાલની સ્થિતિમાં શું કરવું તેનું જાણે માર્ગદર્શન અપાતું હોય એમ લાગે છે તેથી શ્રી અરવિન્દ તેને "a guiding light" કહે છે. તે આંતરપ્રેરણાઓને સમજવા માટે તેના મનની અન્ય પ્રવૃત્તિઓને શાંત કરી દેવામાં આવે છે. જેમ V.VIP વ્યક્તિ કારમાં પસાર થાય તો ટ્રાફિક-પોલીસ રસ્તા ઉપરના લોકોની અવરજવર થંભાવી નાંખે છે તેવી આ વાત છે. શ્રી અરવિન્દ આને "stillness falls" તરીકે વર્ણવે છે. નિમિત્ત બનનાર વ્યક્તિ તો એક સાધન માત્ર હોવાથી તેને "instrument" તરીકે વર્ણવે છે. આ પ્રશાંતિ એટલી તો ગહન હોય છે કે તે વ્યક્તિનું ભૌતિક શરીર પણ કોઈ સંગમરવરી સ્મારક જેવું સ્તબ્ધ અને નિશ્ચલ બની જાય છે (marble monument) પ્રશાંતિની ગહનતા "stone-calm" તરીકે વર્ણવે છે. પથ્થરની પ્રશાંતિ ગણે છે.

આવા પ્રસંગે તે વ્યક્તિનું શરીર તો એક નાનકડો આધાર બનીને રહી ગએલો હોય છે (pedestal) તે આધારના આધારે સાકાર બનેલી પ્રશાંતિ ઊભી હોય છે (a figure of eternal Peace) આવી રીતે વ્યક્તિના વિચારોની ભાવનાઓની, વાસનાઓની અવરજવરનો ટ્રાફિક તદ્દન બંધ કર્યા પછી તૈયાર થએલા રાજમાર્ગે પેલી આંતરપ્રેરણાઓ અને પ્રકાશ નીચે અવતરણ પામે છે. તેઓ પોતાની શુદ્ધતા ટકાવી રાખવા આ બધું આયોજન કરતાં હોય છે.

અશ્વપતિને આંતર-પ્રેરણાની પ્રક્રિયાનાં સ્પષ્ટ દર્શન થયાં.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૨

## આવિર્ભાવો અને પ્રાદુર્ભાવોનું કાર્ય

(ભા.૧, પૃ.૪૨૫-૪૨૭)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ બધા જ દેવો તેમનાં સ્વરૂપમાંથી આ પ્રકારનાં પ્રાદુર્ભાવો બહાર મૂકી શકે છે અને તેમના ચેતનાશક્તિનાં સારતત્ત્વમાં તે પ્રાદુર્ભાવોમાં તદ્રુપ હોય છે, પરંતુ તેમના જેટલાં જ સરખા પ્રભાવનાં હોતાં નથી. પૃ. ૪૨૫

૨ માતાજીની ચાર શક્તિઓ - પ્રાદુર્ભાવ કહી શકાય, જે રીતે દેવોને પરમાત્માના આવિર્ભાવ કહી શકાય. પૃ. ૪૨૫

૩ પરંતુ તે ચાર શક્તિઓ વધારે કાયમી અને નિશ્ચિત રૂપની છે. તેઓ એકી સાથે સ્વતંત્ર સ્વરૂપો છે, જેમને આદ્યાશક્તિએ લીલામાં મૂકેલાં છે. પૃ. ૪૨૫

૪) તે બધાં સ્વરૂપને ભિન્ન વ્યક્તિત્વો તરીકે એકત્રિત કરીને પોતાની ઈચ્છા પ્રમાણે કેટલીક વખત પાછળના ભાગમાં, કેટલીક વખત લીલામાં (રાખી શકે છે.) પૃ. ૪૨૫

૫ તેમને (દેવોને) - પરાત્પર ભગવતી મહાશક્તિએ બહાર મૂકેલાં છે. પૃ. ૫૨૬

૬ તેમને (દેવોને) દરેકને - જગતમાં વિશ્વરૂપ સ્થાન અને કાર્ય છે. પૃ. ૫૨૬

૭ તેઓ (દેવો) અવૈયક્તિક તત્ત્વો નથી, પરંતુ વિશ્વરૂપ વ્યક્તિત્ત્વો છે... સામાન્ય રીતે અવૈયક્તિક બળોની ગતિઓની પાછળ તેઓ પોતાની જાતને ઢાંકી શકે છે. પૃ. ૫૨૬

૮ **અધિમનસમાં તેઓ... સ્વતંત્ર સ્વરૂપો તરીકે દેખાય છે. તેમ છતાં અતિમનસમાં... એકમાં ભળી જાય છે. પૃ. ૫૨૬**

૯ **'અવર્ણનીય હાજરી' વિષે એટલું જ કહી શકાય. તે (પરમાત્મા) ત્યાં છે. પૃ. ૪૨૬**

૧૦ **વ્યક્તિતા અને અવ્યક્તિતા, શક્તિ અને આનંદ, અને પ્રકાશ... આ બધું વ્યાખ્યાતીત હાજરીમાંથી વહી આવે છે. પૃ. ૪૨૬**

૧૧ **આદ્યાશક્તિ... વિશ્વથી ઊર્ધ્વમાં રહેલી પરમ ચેતના અને પરમશક્તિ છે... પરાત્પર ઈશ્વર પણ તે શક્તિ મારફતે જ આવિર્ભાવમાં આવે છે. પૃ. ૪૨૬**

૧૨ **દેવો અસ્તિત્વ ધરાવે છે... અન્ય જગતોનાં સત્ત્વો પણ અસ્તિત્વ ધરાવે છે... દેવો, અસુરો વગેરે (પૃ. ૪૨૭)**

૧૩ **ઉત્ક્રાંતિ પહેલાં પણ ઘણાં સ્તરો અને વિશ્વો અસ્તિત્વ ધરાવતાં હોય છે. -પૃ. ૪૨૭**

૧૪ **કોઈ પણ દેવ... માનવીના આવિર્ભાવની દિશામાં... તેની સાથે ઉત્ક્રાંતિમાં જોડાઈ શકે છે. પૃ. ૪૨૭**

આવિર્ભાવ અને પ્રાદુર્ભાવમાં તફાવત છે. આવિર્ભાવમાં મૂળશક્તિ અને તેનું વ્યક્તિસ્વરૂપ કાયમ એકરૂપ જ રહે છે. તેમાં ભેદ નિર્માણ થતો નથી. જ્યારે પ્રાદુર્ભાવમાં તે જે વ્યક્તિસ્વરૂપમાંથી નિર્માણ થએલી હોય છે, તેથી જુદો પડી જગતમાં પોતાનું કાર્ય કરતો હોય છે, પણ મૂળ વ્યક્તિસ્વરૂપ સાથે સંબંધ જાળવી રાખે છે. જ્યારે તેને વિલીન થવું હોય ત્યારે તે પોતાના મૂળ વ્યક્તિ - સ્વરૂપમાં આવી મળે છે. તેને ફરીવાર જરૂર મુજબ પ્રાદુર્ભાવ તરીકે બહાર મૂકી પણ શકાય છે. બધાં જ દેવ, દેવીઓ આવા પ્રાદુર્ભાવ નિર્માણ કરી શકે છે. ઘણી વખત અપવાદાત્મક કિસ્સામાં આવિર્ભાવ અને પ્રાદુર્ભાવ વચ્ચેનો સંબંધ તૂટી જાય છે અથવા નબળો પડી જાય છે. ત્યારે તે લીલામય જગતમાં સ્વતંત્ર રીતે કાર્ય કરતાં લાગે છે. પ્રાદુર્ભાવો અવિર્ભાવો જેટલાં પ્રબળ હોતા નથી. તે આવિર્ભાવો કરતાં નીચલી કક્ષાનાં ગણાય છે. સાધકમાં તેનાં આરાધ્ય દેવોનો પ્રાદુર્ભાવ થવો શક્ય છે. તે આવેશમય હોઈ શકે છે. મા આદ્યાશક્તિ પોતાના પ્રાદુર્ભાવોને (માહેશ્વરી વગેરે) જગતસર્જન અને તેના વિકાસ, વિનાશ માટે બહાર મૂકે છે અને પ્રલયાવસ્થામાં પોતાની અંદર ધારણ કરી રાખી શકે છે. અતિમનસ કક્ષામાં તેઓ મા

આદ્યાશક્તિ સાથે એકરૂપ થઇને અંદર જ રહેલાં હોય છે ત્યારે તે જાણે મા આદ્યાશક્તિનાં અંશસ્વરૂપ બની જાય છે.

દેવો આ પરાત્પર પ્રભુનાં પ્રાદુર્ભાવો છે, કારણ પરાત્પર પ્રભુનો આવિર્ભાવ એટલે મા આદ્યાશક્તિ અને તેના તે બધા પ્રાદુર્ભાવો છે. મા આદ્યાશક્તિ તો અતિમનસ જગતથી પણ ઊર્ધ્વમાં અદિતિ તરીકે પરાત્પર પ્રભુની નિજ - શક્તિ તરીકે રહેલાં છે. તે વિશ્વાતીત કક્ષા કહેવાય છે. અતિમનસમાં તેમનાં જ પ્રાદુર્ભાવ સ્વરૂપ માહેશ્વરી આદિ 'મા ભગવતીનાં' રૂપો રહેલાં છે. અધિમનસ અને તેથી નીચેની કક્ષાએ તેઓ સ્વતંત્ર દૈવી - વ્યક્તિ સ્વરૂપે લીલામાં સહભાગી થતાં હોય છે. અતિમનસમાં તેઓ એકરૂપતા અથવા સુસંવાદી પાસા તરીકે રહેલાં છે. તેઓ ત્યાં પુરુષોત્તમ ચેતનાનાં વ્યક્તિ - સ્વરૂપ તરીકે રહેલાં હોય છે.

જ્યારે સાધકને વ્યક્તિ-સ્વરૂપનું દર્શન થતું હોતું નથી પણ તેના અસ્તિત્વના પરિણામ સ્વરૂપ ફક્ત એક અવર્ણનીય હાજરી અનુભવાય છે તેમાં રંગરૂપ હોતા નથી પણ તેમની હાજરીની આંતરિક ખાતરી ચિત્તમાં થતી હોય છે. આનંદ, પ્રકાશ, શાંતિ, તુષ્ટિ, વિશાલતા આ બધાં તે હાજરીમાંથી વહી આવતા અનુભવો છે. તે નિરાકાર અને નિરપેક્ષ વધારે લાગે છે.

આને જ આદ્યાશક્તિ કહે છે. બધા દેવો તેના આવિર્ભાવ સ્વરૂપ વ્યક્તિ- સ્વરૂપો છે. પરમ પ્રભુ સાથે આદ્યાશક્તિ એકરૂપ હોય છે, તેથી તેને અદિતિ પણ કહે છે. આદ્યાશક્તિ પરમપ્રભુની પોતાની જ શક્તિ છે. અન્ય શક્તિઓ આ શક્તિમાંથી જ આવિર્ભાવ પામતી હોવાથી તેને મૂળશક્તિ અથવા આદ્યાશક્તિ કહે છે. પરમ પ્રભુ જ્યારે મા આદ્યાશક્તિ દ્વારા આવિર્ભાવ પામે છે ત્યારે તેને જ પુરુષોત્તમ કહે છે.

માનવમન વધારે પડતું સ્થૂળ હોવાથી તેને દેવો, અસુરોના અસ્તિત્વ બાબત શંકા જાગે એ સ્વાભાવિક છે પણ જગતથી પર આ બધી હસ્તિઓ અસ્તિત્વ ધરાવે છે. તેમનાં જ નિમ્ન પ્રાદુર્ભાવો પછી જગતનાં બધાં જ સ્તરે પણ હોય છે.

પરમ - પ્રભુના સક્રિય પાસાને સબલ બ્રહ્મ કહે છે. કારણ તે વૈશ્વિક બળોથી યુક્ત હોય છે. દેવો આ સબલ બ્રહ્મનાં જ વ્યક્તિ-સ્વરૂપો અથવા શક્તિઓ છે.

ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સમગ્ર બહ્માંડનો સમાવેશ થતો નથી. બ્રહ્માંડનાં નિમ્નસ્તરે જ ઉત્ક્રાંતિની પ્રક્રિયા ચાલુ છે. ઊર્ધ્વપ્રદેશમાં સનાતન જગતો રહેલાં છે. અતિમનસ જગત (વિજ્ઞાનમય લોક) તેમાંનું એક છે. આનંદમય લોક પણ સનાતન છે. અધિમનસ એ મનોમય લોકનો પ્રદેશ છે. તે પણ સનાતન લોક છે. દરેક લોકની વિશેષતાઓ જુદી જુદી

(પૃષ્ઠ ૪૨ ઉપર)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૬
(પૃ.૮૯-૯૨)

## યોગીની અનુભૂતિઓ અને આજનું વિજ્ઞાન

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1. Your bell etc. mentioned by you... were enumerated in the Upanishads as signs of accompanying the opening to the larger consciousness... P - 89
2. When I began to see inwardly... a scientific friend of mine began to talk of after images. P - 90
3. These scientific explanations break down as soon as you pull them out of their cloudy land of mental theory - P - 90
4. I have had too my period of agnostic denial. P-90
5. Superphysical experiences and powers... have always seemed me to something perfectly natural and credible. P - 90
6. To write or to compose true and great things one has to have the passage clear between the outer mind and something in the inner being. P-90
7. (Yogic consciousness and powers) they are already within you. P-91
8. The experience of yoga belong to an inner domain and go according to a law of their own. P-91
9. Just as scientific inquiry passes beyond that of the physical senses... so the spiritual search passes beyond the domain of scientific or rational enquiry. P-91
10. You have to develop an initiative discrimination to seem what they mean... P-91
11. (Until that) you have to accept the leading of a Master as in science you accept a teacher... P-91
12. How without inner knowledge or experience can you or anyone else test the inner knowledge and experience of others ?

શ્રી અરવિંદને અનાહત નાદનો અવાજ સંભળાઇ રહ્યો હતો. અનાહતનો અર્થ છે સર્વ સામાન્ય બે વસ્તુ ભટકાઇને જે અવાજ આવે છે તેથી જુદા જ પ્રકારનો નાદ (અન + આહત) નાદ એટલે જેમાં ફકત એકરસ ધ્વનિ હોય છે પણ સ્ફુટ એવાં વર્ણો શબ્દો કે વાક્યો હોતાં નથી. દા.ત.વેણુનાદ, ઘંટાનાદ.

વૈશ્વિક શક્તિઓ ઘસારા સાથે જ્યારે બ્રહ્મરંધ્ર દ્વારા આપણા સ્વરૂપમાં પ્રવેશે છે ત્યારે આવો નાદ નિર્માણ થાય છે તે ઘંટના રણકાર જેવો કે તમરાના લય જેવો કે ભમરાના ગુંજારવ જેવો લાગે છે.

શ્રી અરવિંદના આવા જ અનુભવોની વાત ઉપનિષદો કરે છે. શંકરાચાર્યના મતે બ્રહ્મતત્ત્વ યોગીનાં ચિત્તમાં પ્રગટ થવા લાગે છે તે પ્રક્રિયા દરમિયાન આવા અનુભવો આવતા હોય છે. (બ્રહ્મ અભિવ્યકિતકરાણિ યોગે) આને 'શ્રુતિ' કહે છે.

શ્રી અરવિંદની આની સાથે આંતરદૃષ્ટિ પણ ખીલવા લાગી. તેમને આંતર-દર્શનો પણ થતાં હતાં. તેમણે આ વાત પોતાના એક વૈજ્ઞાનિક મિત્રને જણાવી. તેના મતે તે પશ્ચાદ્ માનસપ્રતિમાનો (after images)નો પ્રકાર છે. કોઇ વસ્તુ જોયા પછી તેની માનસપ્રતિમા જ્ઞાન થયા બાદ પણ આપણા ચિત્તતંત્રમાં થોડી ક્ષણ ટકી રહે છે. તેને જ પશ્ચાદ્ માનસપ્રતિમા કહેવાય છે.

શ્રી અરવિંદે તેમને પૂછ્યું : શું આવી માનસપ્રતિમા બે અથવા વધારે મિનિટ રહી શકે છે ?

''ના.''

''બીજું, શું જગતમાં ન હોએલી અને આપણે કલ્પના પણ ન કરેલી એવી વસ્તુઓની માનસપ્રતિમા પોતાની મેળે જ નિર્માણ થઇ શકે છે ?''

''ના.''

''તો આનો અર્થ આ અનુભવો માનસપ્રતિમા નથી જ.''

શ્રી અરવિંદ જણાવે છે કે તેમના વૈજ્ઞાનિક સિદ્ધાંતોમાં ન આવતી આપણા યોગિક અનુભવોની વાસ્તવિકતા અને વિશેષતા તેમની સામે લાવતાં જ તેઓ નિરુત્તર બની જાય છે.

શ્રી અરવિંદ પણ એક તબક્કે અજ્ઞેયવાદી શંકાકુશંકા લેતાં જ. પણ હવે તેમને યોગિક અનુભૂતિઓ સ્વાભાવિક લાગવા લાગી છે અને તે વિશ્વસનીય પણ લાગે છે.

પણ આવી અનુભૂતિઓ આવતા પહેલાં આપણે બાહ્ય મન અને આંતરિક - ચેતના વચ્ચેનું પડળ ભાંગી નાખવું જરૂરી છે. તે ભાંગી જતા જ પ્રેરણાદાયી દિવ્ય-વિચારો અને કાવ્યપંક્તિઓ પોતાની મેળે રચાતી લાગે છે.

યોગિક - ચેતના અને યોગિક - શક્તિઓ આપણામાં સુપ્તાવસ્થામાં પડેલી છે જ. તેમને જગાડવાની જરૂર છે.

જેમ વૈજ્ઞાનિક સંશોધનોનાં પરિણામો ભૌતિક ઇન્દ્રિયોના અનુભવોને પાર કરીને ઇન્દ્રિયોથી અપ્રાપ્ત સત્યો પ્રગટ કરે છે, તેવું જ આધ્યાત્મિક અનુભૂતિઓ વૈજ્ઞાનિક અને બૌદ્ધિક જ્ઞાનને વટાવીને તેથી ઊર્ધ્વમાનાં સત્યોને પ્રાપ્ત કરે છે. તેમાં નવાઈ પામવા જેવું કશું નથી.

આવી વસ્તુ જે મળે છે તેમાં માનસિક ભ્રમણા કે કલ્પનાવિલાસની ભેળસેળ ન થઈ જાય માટે એક આંતર-પ્રેરણાત્મક વિવેચક બુદ્ધિ પણ હોય છે. તે સીધેસીધું સત્યને જુદું પાડી શકે છે.

જેમ વિજ્ઞાની પોતાના ગુરુની અમુક વાતો શરૂઆતમાં શ્રદ્ધાથી સ્વીકારી લે છે તેવું જ અધ્યાત્મમાં પણ કરવું જરૂરી છે જ.

તમને આંતરિક અનુભવો ન હોય ત્યાં સુધી બીજાના આંતરિક અનુભવોને તમે ન્યાય નહીં આપી શકો. દરેક ચેતનાની દુનિયાનાં પોતાના ધારાધોરણો હોય છે. તે મુજબ જ સત્ય જાણી શકાય.

---

(પૃષ્ઠ ૩૮ ઉપરથી)

## ભાવિ સમાજ

સર્જનનો આનંદ મેળવતા - મેળવતા આત્મવિકાસ માટે કરવામાં આવશે. દરેકને પોતાના આંતરિક-વિકાસ માટે પૂરતી ફુરસદ આપવામાં પણ આવશે. રાષ્ટ્રને જ સત્ય માનવાની પ્રથા આ સમાજમાં નહિ હોય. રાષ્ટ્ર માટે વ્યક્તિને કચડી નાખવામાં નહિ આવે તેમ જ અન્ય રાષ્ટ્રો પ્રત્યે વેરભાવ બાંધી તેને કચડી નાખવાનો ઈરાદો નહિ ધરાવે. દરેક રાષ્ટ્ર એક સામૂહિક આત્મા છે. દરેકની વિશિષ્ટતા છે અને તેની દ્વારા એક જ આત્મા વિવિધરૂપે પ્રકટ થઈ રહ્યો છે એવું સમજવામાં આવશે.

સમગ્ર માનવજાત દિવ્ય આત્માને વ્યક્તિ અને સમષ્ટિમાં વિકસાવવા પ્રયત્ન કરી રહી છે એ જ નક્કર સત્ય છે અને આ વિકાસના ક્ષેત્રો છે માનવમાંના મન, પ્રાણ, શરીર. (ક્રમશઃ)

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## સંસારચક્રમાંથી મુક્તિ

પ્રકરણ-૩૫ (શ્વેતાશ્વતર - ૧)

શ્વેતાશ્વતર આ ઉપનિષદના નામનું રહસ્ય છે. અશ્વતર એટલે શ્રેષ્ઠ ઘોડો. શ્વેત એટલે શ્વેતરંગી શ્રેષ્ઠ ઘોડો. અશ્વતર શ્વેતરંગી ઘોડાઓ ઈરાણનાં વખણાતા. કહે છે કે ઈરાણના (તે વખતનો બાહલિક દેશ) જરથ્રોસ્ત ઇ.સ.પૂ.છઠ્ઠી સદીમાં ઉમદા શ્વેત ઘોડાઓની ગાડીમાં બેસી ભારતમાં આવી તેમણે ઉપનિષદોનો અભ્યાસ કર્યા પછી જે અહીં રહીને લખ્યું તે જ શ્વેતાશ્વતર ઉપનિષદ. તેમને લોકો ઉમદા શ્વેત ઘોડાઓની ગાડીવાળા આચાર્ય તરીકે ઓળખતા.

આ ઉપનિષદમાં જગત નિર્મિતિનાં જે કારણો આપેલાં છે તે દરેકને માનનારો એક એક સંપ્રદાય હતો. તેને તે વખતે 'દૃષ્ટિ' કહેતાં તે ઉપરથી દર્શન શબ્દ આવ્યો છે. તેનો ઉલ્લેખ નાસદીય સૂક્તમાં છે. તેમ જ ચરકસંહિતા સૂત્રસ્થાન અ.૨૫, સુશ્રુતનાં શારીરસ્થાન ૧-૭૧, તેમ જ પાલિમાં દિઠ્ઠી (દૃષ્ટિ) તરીકે છે. મહાભારતનાં શાંતિપર્વમાંના મોક્ષધર્મ પર્વમાં તેનો સવિસ્તર ઉલ્લેખ છે તે મુજબ નીચેના બ્રહ્મવાદો છે : (૧) બ્રહ્મવાદ (૨) કાળવાદ (૩) સ્વભાવવાદ (૪) નિયતિવાદ (૫) પંચમહાભૂતવાદ (૬) યોનિવાદ (૭) પુરુષવાદ (૮) યોગવાદ (૯) આત્મવાદ (૧૦) દેવવાદ. આમાંનો યોગવાદ શ્રી અરવિંદના અતિમનસ અવતરણની કલ્પના સાથે ખૂબ જ મળતો આવે છે. તેમાં જણાવેલ છે કે વિજ્ઞાનમય ચેતનાને સમાધિ દ્વારા એકાગ્ર કરીને આત્માની જ્યોતિને પૃથ્વી ઉપર અથવા ભૌતિક - શરીરમાં પ્રાપ્ત કરવી જરૂરી છે. તે પ્રાપ્ત થતાં શરીર ઉપર તેનાં જે પરિણામો થાય છે તેમાં તેને ઘડપણ અને મૃત્યુનો ડર રહેતો નથી. શરીરમાંથી દિવ્ય સુગંધ આવે છે. મળમૂત્ર ઓછાં હોય છે અને તેની દુર્ગંધ આવતી નથી. શરીરમાં સ્ફૂર્તિ, હલકાપણું, સુંવાળી, તેજસ્વી ત્વચા, કંઠ મધુરતા વગેરે લક્ષણો પ્રગટ થાય છે.

કાળવાદમાં કાળને ઈશ્વરનું રૂપ માનેલ છે. યોગ્ય કાળે જ બધી ઘટનાઓ બને

છે. કાળ જ ચતુર્યુગ અને મન્વન્તરો રચે છે. કાળને જ બ્રહ્મચક્ર કહે છે.

સ્વભાવવાદમાં કહ્યું છે કે દરેક વસ્તુનો પોતાનો નિશ્ચિત સ્વભાવ છે, તેથી તે મુજબ જ તે તત્ત્વ વર્તે છે.

ભૂતવાદમાં પંચમહાભૂતો અથવા તે પૈકી એક, બે કે ત્રણને જગતનું મૂળકારણ તરીકે દર્શાવેલ છે.

યોનિવાદમાં યોનિનો અર્થ જન્મ છે. જન્મ જે યોનિમાં હોય તે મુજબ માનવ વર્તે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય આમને યોનિ તરીકે જણાવેલ છે.

નિયતિવાદમાં ભાગ્યને જ જગતનું કારણ ગણ્યું છે. તેના ઋષિ મંકિ ઋષિ છે. તેમનો જાત અનુભવ તેવો છે. તેમને ભાગ્યે કોઇ વખત સથવારો જ આપ્યો નહોતો. એક વખત પોતાની સંપૂર્ણ મૂડી ખરચી બે વાછરડાં અને એક ખેતર ખરીદ્યું, જેથી તેમની ઉપજિવિકા ચાલુ રહે. તેઓ ખેતર ખેડવા જતા હતા ત્યારે રસ્તામાં બેસેલો ઊંટ ભડક્યો અને ઊભો થઇ દોડવા લાગ્યો. બન્ને વાછરડાં એક દોરીથી બાંધેલા હતાં તે ઊંટના ગળાની બન્ને બાજુ ટીંગાઇ ગયાં અને ગળેફાંસો લાગવાથી મરી ગયાં. તેથી ભાગ્ય જ બળવાન છે 'અકરમીનો પડિયો કાંણો' તેનો આ દાખલો.

દેવવાદમાં વિવિધ દેવોએ મળીને જગત રચ્યું છે એવો વિચાર છે.

બ્રહ્મવાદમાં બહ્મતત્ત્વ જ જીવનનું પ્રેરક બળ છે. બહ્મા, વિષ્ણુ અને ઇન્દ્ર પણ તેમનો જ આધાર લે છે. પ્રજ્ઞાશક્તિ સ્વરૂપ બ્રહ્મશક્તિએ જગત રચ્યું છે. પ્રજ્ઞા ચ તસ્માત્ પ્રસુતા પુરાણી (શ્વે. ૪-૧૮)

આત્મવાદ (પુરુષવાદ)માં જીવાત્માને જ જીવનનો આધાર ગણેલ છે.

અંતે ઋષિ જણાવે છે કે તેમણે ધ્યાનયોગમાં જઇને જ્યારે બ્રહ્મતત્ત્વનો પ્રત્યયથી અનુભવ કર્યો ત્યારે તેમને સમજાયું છે. ઉપર જણાવેલાં બધાં કારણોની પાછળ રહીને બ્રહ્મતત્ત્વ જ જગતની રચના કરે છે. તેની શક્તિ તે જ દેવાત્મશક્તિ કહે છે. તેણે જ સંસારચક્ર રચેલું છે. તે ચક્રને એક નેમિ (પરિઘ) છે. મૂળ પ્રકૃતિ એ જ આ નેમિ છે. તેમાં ત્રણ વર્તુળો છે. તે સત્ત્વ, રજસ, તમસ સ્વરૂપ સંસારચક્ર ઉપરની લોખંડી ત્રણ પટ્ટીઓ છે. તે ચક્રને સોળ ખીલાસ્વરૂપ મથાળાં છે. પાંચ મહાભૂતો અને મન, બુદ્ધિ અને અહંકાર મળીને કુલ આઠ થાય છે. દરેકનો સૂક્ષ્મ અને સ્થૂળ બે પ્રકાર ગણતાં કુળ સોળ ખીલાથી સંસારચક્ર જડેલું છે. આ સંસારચક્રને પચાસ આરા છે. અંતઃકરણની વૃત્તિઓ જ આ આરા છે. તે આરાઓને મજબૂત કરનાર

વીસ સહાયક આરા છે. પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચપ્રાણ અને પંચ વિષયો મળીને આ વીસ આરા થાય છે. આ સંસારચક્રનું દ્રવ્ય આઠ - આઠના છ સમૂહોનું (અષ્ટકઃ ષડ્ભિઃ) બનેલું છે તે અષ્ટક નીચે મુજબનાં છે :

(૧) પંચમહાભૂતો અને ત્રણ મન, બુદ્ધિ, અહંકાર.

(૨) સપ્તધાતુઓ (રક્ત, મેદ, માંસ, મજ્જા, ત્વચા, અસ્થિ અને વીર્ય) તે પૈકી ત્વચાના બે ભાગ આંતર ત્વચા અને બાહ્ય ત્વચા

(૩) અષ્ટસિદ્ધિ (અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ)

(૪) ભાવાષ્ટક (ધર્મ, અધર્મ, જ્ઞાન-અજ્ઞાન, વૈરાગ્ય-રાગ, ઐશ્વર્ય - અનૈશ્વર્ય)

(૫) અષ્ટયોનિ (બ્રહ્મા, પ્રજાપતિ, દેવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, પિતૃ, પિશાચ)

(૬) અષ્ટગુણ (દયા, ક્ષમા, અનસૂયા, શૌચ, અનાયાસ, મંગળ, અકૃપણતા અને અસ્પૃહા)

આ સંસારચક્ર ત્રણ માર્ગે આગળ વધે છે તે છે દેવયાન, પિતૃયાન અને અન્ય પશુપક્ષીની યોનિમાં જનાર ત્રીજો માર્ગ. આ સંસારચક્રને ગતિ આપનાર બે નિમિત્ત છે - પાપ અને પુણ્ય. આ સંસારચક્રની નાભિ છે અજ્ઞાન.

હવે ઋષિ સંસારને નદીનું રૂપ આપી જીવન - પ્રવાહનું વર્ણન કરે છે. આ જીવન - પ્રવાહમાં પાંચ સ્રોત મળે છે. પાંચ ઈન્દ્રિયોનાં પાંચ વિષયો એ પાંચ સ્રોત છે. તેમાં પાંચ પ્રકારના તરંગો નિર્માણ થાય છે. તે પંચપ્રાણના તરંગો છે. તેના પાંચ ઉગમ છે તે છે પંચ મહાભૂતો. મન એ આ જીવન - પ્રવાહનું મૂળ છે. આ જીવન-પ્રવાહનાં પાંચ વેગ અથવા ગતિ છે. ગર્ભાવસ્થા, જન્મ, વૃદ્ધાઅવસ્થા, રોગ અને મૃત્યુના કારણે જે પાંચ દુઃખો જન્મે છે તે જ આ જીવન-પ્રવાહને ગતિ આપે છે. આ જીવન-પ્રવાહમાં પાંચ પર્વ (વિભાગ) છે તે છે અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ.

આ જીવન-પ્રવાહમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે, કારણ આ નદીમાં અનેક વમળો છે. (ઉગ્રવક્રાઃ)

પણ ઋષિ જણાવે છે કે આ નદીમાંથી બહાર નીકળવાનો માર્ગ છે અને તે છે બ્રહ્મની પ્રાપ્તિ અર્થાત્ બ્રહ્મનું જ્ઞાન.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## આખ્યાન રહસ્ય

## મરુતો અને રોદસીનો સાક્ષાત્કાર

પ્રકરણ - ૧૨

સૂર્યોદયનો સમય. મહર્ષિ અત્રિનો આશ્રમ. મહર્ષિ પોતાના પુત્ર અર્ચના ઋષિ સાથે અને પૌત્ર શ્યાવાશ્વ તથા શિષ્યો સાથે ધીરગંભીર સ્વરોમાં વૈશ્વદેવ યજ્ઞની આહુતિઓ આપી રહ્યાં હતાં. ત્યાં હિમાલયની તળેટીમાંથી નીકળતી ગોમતી નદીતીરનાં દર્ભ રાજ્યના મહારાજા રથવિતિ આવી પહોંચ્યા. તેઓ દર્ભનરેશના પુત્ર, સમિતપાણિ ફળફૂલાદિ સાથે મહર્ષિ અત્રિ પાસે આવ્યાં.

હવનની પૂર્ણાહુતિ થઇ. મહર્ષિ અત્રિને વંદન કરીને મહારાજા રથવિતિએ વિનંતિ કરી :

''મહર્ષિ, લોક-કલ્યાણાર્થ અમે એક મહાયજ્ઞ કરવા ઇચ્છીએ છીએ. આપ તેના હોતા બનો એવી વિનંતી છે.''

''મહારાજા, મારી ઉંમર થઇ છે, તેથી હું તો નહિ આવી શકું. પણ મારા પુત્ર અર્ચના અને પૌત્ર શ્યાવાશ્વ આપનો યજ્ઞ પાર પાડશે.''

''જેવી આપની આજ્ઞા'' મહારાજા બોલ્યા. બીજે દિવસે સવારે મહારાજા સાથે અર્ચના ઋષિ અને પુત્ર શ્યાવાશ્વ દર્ભ દેશે જવા ઉપડ્યા. ત્રણ માસમાં યજ્ઞની તૈયારી થઇ અને યજ્ઞનની શરૂઆત થઇ.

અંતે, યજ્ઞ સારી રીતે પાર પડ્યો.

અર્ચના ઋષિ અને પુત્ર શ્યાવાશ્વને મહારાજાના મહેલમાં જ ઉતારો આપેલ. રાજપુત્રી યશસ્વતી તેમની અહર્નિશ સેવામાં રહેતી. ત્રણ માસ દરમિયાન યશસ્વતી અને શ્યાવાશ્વ એકબીજા તરફ ખેંચાયેલાં. શ્યાવાશ્વે પિતાને વાત કરી અને પિતાએ મહારાજાને. મહારાજાએ રાણી શશીયશીને વાત કરી. રાણી બોલ્યા, મહારાજ શ્યાવાશ્વના કુળ બાબત કાંઇ કહેવું નથી, પણ શ્યાવાશ્વ દાદાની જેમ મહર્ષિ અને અર્ચના જેવો ઋષિ બન્યો નથી. આપ રાજર્ષિ છો. મારી પુત્રીના પતિ ઓછામાં ઓછા ઋષિ હોય એવી મારી ઇચ્છા છે.

રાજાએ આ વાત ઋષિ અર્ચનાને કરી અને અર્ચનાએ પોતાના પુત્રને. શ્યાવાશ્વે ઘોર તપશ્ચર્યા કરવાનો નિર્ણય લીધો અને તેની સાથે જ પોતાના આશ્રમે પરત આવ્યો. દાદા પાસે તપશ્ચર્યાની સંમતિ માગી. દાદાએ હોંશેહોંશે આપી.

વરસ વીત્યું. એક રાત્રે મધ્ય રાત્રીનો સમય. જંગલમાં શ્યાવાશ્વ દેવયાન પંથની સાધનામાં મગ્ન. દાદા પાસેથી સપ્તયોગ ચક્રોમાં વિવિધ દિવ્ય પ્રકાશોને સ્થાપિત કરવાની અખંડ સાધના ચાલુ હતી. ધીમે ધીમે યોગચક્રો પોતપોતાના પ્રકાશથી પ્રકાશિત થવા લાગ્યા અને તે પ્રકાશ સ્થિર થવા લાગ્યો.

સાધના આગળ વધી. તે રાત્રે અચાનક શ્યાવાશ્વને સાતે ચક્રો નીચે ગોઠણ અને પગની પાનીમાં પણ નવો જ પ્રકાશ પ્રગટતો લાગ્યો. તેને આશ્ચર્ય થયું. તેને દાદાની શીખ યાદ આવીઃ

''વત્સ, જ્યારે સાતે ચક્રો પોતપોતાના પ્રકાશમાં સ્થિર થઈને શુદ્ધ થાય છે ત્યારે તે માનવી સ્વરૂપનાં ઉચ્ચ તત્ત્વસ્વરૂપ મન અને નિમ્ન તત્ત્વસ્વરૂપ શરીરતત્ત્વને પણ શુદ્ધ કરતાં હોય છે. જ્યારે તેમના ઉપરની અવચેતન અને અચેતન તત્ત્વની પકડ છટકી જાય છે ત્યારે તે પણ શુદ્ધ થઈને ઝળહળી ઊઠે છે. અત્યાર સુધી માનવને અધ્યાત્મમાં અવરોધો કરતાં બન્ને તત્ત્વો તેને માર્ગ મોકળો કરી આપે છે. ઋષિઓ મનને આકાશ અને શરીરને પૃથ્વી કહે છે. આ બન્ને અવરોધક તત્ત્વોને 'રોદસી' (અવરોધક) કહે છે. બન્નેને રુદ્ર ગણે છે કારણ તે સાધકને રડાવે છે. સાત ચક્રોના સ્વામીને, ઋષિને સપ્તગુ કહે છે અને આ નવ ચક્રોનાં સ્વામીને 'નગવ્વા'. જ્યારે આ સાક્ષાત્કાર તને થશે ત્યારે જ તું આશ્રમે પાછો આવજે. ત્યારે તું ઋષિપદને પ્રાપ્ત થએલો હોઈશ. ઋષિ એટલે શોધક. તારી શોધનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો પૂરો થયો હશે.''

શ્યાવાશ્વને ખાતરી થઈ. તેનો અવચેતન મન અને અચેતન શરીર ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થયું છે. સાત ચક્રોમાં પ્રકાશતાં સાત પ્રકાશ રંગો એ જ સપ્ત મરુતો છે તે જે તે ચક્રના ખાસ શક્તિસ્વરૂપ છે.

શ્યાવાશ્વે આશ્રમ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં જ તેમને રથમાં મહર્ષિ રથવિતિ અને રાણી શશીયશી મળ્યાં. રથવિતિ બોલ્યા, ''સ્વાગત છે ઋષિવર. આપના પિતાશ્રી તથા પિતામહને જાન જોડી યશસ્વતીને પરણવા આવવાનું નિમંત્રણ આપવા જ અમે જઈએ છીએ. પુત્રી યશસ્વતીને આપના ઋષિત્વની ખબર અમે આપી દીધી છે. આપ અમારા રથમાં પધારો. સાથે આશ્રમે જઈશું.''

શ્યાવાશ્વ રાજર્ષિ રથવિતિનાં વચનો સાંભળી દંગ થઈ ગયો !

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## મિથ્યાભિમાન

(પેજ - ૧૩૯)

**દમાસ્કસનો ખલીફા સુલેમાનને પોતાના સૌંદર્યનું ખૂબ જ અભિમાન. એક શુક્રવારે તે ગરમ પાણીથી ન્હાયો. નવાનકોર લીલા કપડાં પહેર્યાં, સાથે લીલી પાઘડી. પાથરેલી લીલી જાજમ ઉપર લીલી ગાદી નંખાવી બેઠો. ગળામાં લીલા પાચુની માળા. સામેના અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોઈ ખુશ થયો.**

**..... સ્વગત બોલ્યો, ‘‘મહંમદ પૈયગંબર તો ખુદાના માણસ. અલીબકર વફાદાર સેવક. ઉંમર પ્રસંગાવધાની, ઉતમાન નમ્રતાનો પૂતળો, અલી બહાદુર સુઆવિઆ દયાળુ, યઝીદ ધીરજવાન, અલ્દઉલ-મલિક અચ્છો વહીવટદાર, વલીદ મહાન રાજા અને.....**

**..... અને હું સહુથી સુંદર ખલીફા. હા.... હા..... હા..... હું સૌથી ચડિયાતો.’’ ચડિયાતો સાચો.... પણ શેમાં ?**

**તે હતો મિથ્યાભિમાની મૂર્ખ ?**

**સહુથી ચડિયાતો મૂર્ખ !!**

## અધિમનસના સાક્ષાત્કારનું મહત્ત્વ

અધિમનસની કક્ષાએ કોઈપણ દેવતા મારફત પરમ ચેતનાના કોઈપણ એક પાસાંનો સાક્ષાત્કાર કરવામાં આવે છે. આ એકાંગી સાક્ષાત્કાર છે. અતિમનસ કક્ષાએ પરમ ચેતનાના સર્વે પાસાંઓનો સમગ્રતાથી એકી વખતે સાક્ષાત્કાર કરવામાં આવે છે. સાધકે પ્રથમ અધિમનસનો સાક્ષાકાર કરીને પછી અતિમનસ સાક્ષાત્કાર તરફ જવાનું હોય છે.

# યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

## લક્ષ્ય

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૧ પર આધારિત)
પ્રકરણ - ૯

## સત્યોની શ્રેણીઓ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **અતિમનસની પ્રાપ્તિને પરિણામે..... ચેતનાની નીચેની ભૂમિકાઓ..... કરતાં વધારે મહાન..... પૂર્ણતાવાળું સત્ય મળવાનું ન હોય તો એની પ્રાપ્તિને માટે પ્રયત્ન કરવો નકામો છે. પૃ.૯**
- **ચેતનાનાં પ્રત્યેક સ્તરોમાં પોતપોતાનાં 'સત્યો' રહેલાં હોય છે. ઉદાહરણ તરીકે..... 'કામના' અને 'અહં' એ બન્ને, માનસિક, પ્રાણમય અને અન્નમય ચેતનાના અજ્ઞાન પૂરતાં 'સત્ય' હોય છે. પૃ.૯**
- **ચેતનાનાં સ્તરોમાં વધારે ઊંચે ચડીએ છીએ તેમ તેમ આપણને જણાય છે કે અહં અને કામના બન્ને સાચી વસ્તુઓ નથી, પરંતુ જૂઠાણું છે..... પૃ.૯**
- **ઊર્ધ્વ ભૂમિકામાં દેવ અને દાનવ વચ્ચેનો..... જ્યોતિ અને અંધકારની શક્તિઓ વચ્ચેનો...... સંગ્રામ વાસ્તવિક હોય છે..... એનાથી ઊંચી ભૂમિકામાં..... એ સંગ્રામની વાસ્તવિકતા ઓછી થતી જાય છે. પૃ.૯**
- **જ્યારે અતિમનસમાં આપણે આરોહણ કરીએ છીએ ત્યારે એ સંગ્રામની વાસ્તવિકતા બિલકુલ મટી જાય છે. પૃ.૯**
- **નીચેના સ્તરોનાં બીજાં સત્યો..... કાયમ રહે છે પરંતુ..... સમગ્રમાં તેનું સ્થાન બદલાય જાય છે. પૃ.૯**

સાધકને સાધનાથી ચેતનાની સાચી કાર્ય પદ્ધતિનો ખ્યાલ આવે છે. સાધકને જણાય છે કે નિમ્નથી માંડીને ઊર્ધ્વતમ વચ્ચે અનેક 'સત્યોની હારમાળા' છે. દરેક સ્તરનું અલગ-અલગ સત્ય હોય છે. કામના અને અહંકાર નિમ્ન પ્રકૃતિમાંથી જણાતા સ્વાભાવિક રીતનાં જ સત્યો છે. એના વગરનો નિમ્ન પ્રકૃતિનો માણસ જાણે

કે યાંત્રિક માનવ જ લાગે !

પરંતુ આ અંતિમ અવસ્થા નથી જ. ઊર્ધ્વમાં આરોહણ કરતાં જ સાધક અનુભવે છે કે જે નીચેના સ્તરે સત્યો હતાં તે તો જૂઠાણાં જ છે ! સાવ ઊલ્ટું જ બનીને ઊભું રહે છે. સાધકને વિવિધ સત્યનાં જગતોનો ખ્યાલ આવવા માંડે છે. જાણે કે શ્રેણીબદ્ધ રીતે ચેતના-સ્તરોમાં આ જટિલ પ્રક્રિયા બનતી હોય છે !

સાધક જેમ જેમ ઊર્ધ્વગમન કરે છે તેમ તેમ તેને ધ્યાનમાં આવે છે કે નીચેનાં સ્તરોનાં સત્યો કાં તો જૂઠાણા સાબિત થાય છે અથવા તો પોતાના સ્વરૂપ બદલીને એક ઊર્ધ્વ સત્ય તરીકે પ્રગટ થાય છે. અધિમનસ કક્ષાએ દેવો અને દાનવોનો સંગ્રામ તેમ જ પ્રકાશ અને અંધકારની લડાઈઓ વાસ્તવિક લાગે છે. અહીં પણ સત્ય તો છે જ, પરંતુ તેમાં ભેદ પાડવામાં આવેલો છે. દેવ-દાનવ, દિવ્ય-અદિવ્ય, પ્રકાશ - અંધકાર, જાણે દ્વન્દ્વનું સામ્રાજ્ય હોય છે ! પરંતુ ચેતનાની ઊર્ધ્વ કક્ષાને કારણે તે સાધક નીર-ક્ષીર જુદું જોઈ શકે છે. જુદું તારવી શકે છે. શ્રી અરવિન્દ જણાવે છે કે અધિમનસ પણ ચેતના કક્ષાની શ્રેણીમાં અજ્ઞાન અથવા તો અવિદ્યારૂપી ભેદને ધારણ કરનારી સત્યચેતનાની શ્રેણી છે. આ અજ્ઞાન સત્યને જાણે કે ભેદબુદ્ધિથી જુદું પાડે છે. આ તફાવતને કારણે સાધકને ખ્યાલ આવે છે કે હજી કંઈક ખૂટે છે, અસંતોષ જણાય છે. આ એક ચૈતસિક ગ્લાનિ જે સાધકને ઊર્ધ્વ વાસ્તવિકતા તરફ ખેંચી જવા પ્રેરણા આપે છે. સાધક સૂક્ષ્મ રીતે અનુભવે છે પ્રભુના આવા બન્ને રૂપો કેમ ? એક દિવ્ય અને એક અદિવ્ય !

સામાન્યરીતે સાધક અધિમનસ કક્ષાએ અટકીને સત્યનો સાક્ષાત્કાર કરીને સંતોષ માને છે. પરંતુ શ્રી અરવિન્દ જણાવે છે જે સૂક્ષ્મ ભેદ હોય છે કે તે બાબત સાધક જેમ જેમ વધારે સભાન બને છે તેમ તેમ તે વધારે ને વધારે ઊર્ધ્વારોહણ કરે છે.

આ ઊધ્વારોહણ સાધકને અતિમનસ કક્ષાએ લઈ આવે છે અને સાધક અનુભવે છે કે સંગ્રામની વાસ્તવિકતાઓ બિલકુલ મટી જાય છે, જાણે કે એક પરમ્-ચેતનાના જ બધા જ ક્રિયાકલાપો અનુભવે છે. પૂર્ણ દિવ્ય અને સંવાદમયતામાં સમસ્ત બ્રહ્માંડ આવિર્ભાવ પામેલું અનુભવે છે. દ્વન્દ્વ જાણે કે ઐક્યમાં વિલીન થઈ જાય છે.

નિમ્ન સ્તરોનાં સત્યોની વાસ્તવિકતા બદલાય જાય છે. સમગ્રતામાં તેનું સ્થાન સંવાદમયતાને કારણે અવિભાજ્ય અંગ તરીકે ઊભરી આવે છે.

સાધક અનુભવે છે કે સર્વે વસ્તુઓ ચેતનાની શ્રેણીમાં યોગ્ય સ્થાને ગોઠવાયેલી છે. સાધક 'સંન્યાસ'ની સ્થિતિ પ્રાપ્ત કરે છે. સંન્યાસ એટલે જીવનમાં દરેક વસ્તુને યોગ્ય સ્થાને સંવાદમય રીતે ગોઠવવાની કળા.

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## મૃત્યુની પ્રક્રિયા શું છે ?

પ્રકરણ - ૧૪

(Lights for students - P. 88-92)

૧ આત્મા દર જન્મે પોતાની દિવ્ય-પ્રકૃતિના વિકાસની દૃષ્ટિએ નવા મન, પ્રાણ અને ભૌતિક તત્ત્વો વિશ્વપ્રકૃતિમાંથી લેતો હોય છે અને તેનો ઉપયોગ પોતાના સૂક્ષ્મ અને સ્થૂલ શરીર રચવામાં કરે છે. પૃ.૮૮

૨ ભૌતિક શરીરના મૃત્યુ પછી પ્રાણમય, મનોમય શરીરો ક્રમશઃ પોતપોતાના લોકમાં જઈ ધીમે ધીમે ઓગળી જાય છે. પૃ.૮૮

૩ અંતે આત્મા અર્થાત્ ચૈત્યપુરુષ પોતાના ચૈત્યલોકમાં જઈ પોતાના એ જન્મના સંસ્કારોને વાગોળીને પચાવે છે. પૃ.૮૮

૪ જે તત્ત્વો ચૈત્યપુરુષ સાથે જોડાઈને તેનો પ્રકાશ ધારણ કરીને રહે છે તે ચૈત્યપુરુષ સાથે જ રહે છે. પૃ.૮૮

૫ ચૈત્યપુરુષ નવા જન્મની તૈયારી તરીકે મૃત્યુ વખતે નિશ્ચિત કરેલા ધ્યેયને અનુસરીને તે મુજબ પોતાના પાછલા કર્મ - સંસ્કારોમાંથી ઉપયોગી સંસ્કારોને જુદા પાડી પોતાનાં પ્રારબ્ધ કર્મો, સંચિત કર્મોમાંથી જુદાં તારવે છે. આ સંસ્કારો જ નવા સૂક્ષ્મ અને સ્થૂળ શરીરનાં તત્ત્વોની પસંદગી વિશ્વપ્રકૃતિમાંથી કરે છે. પૃ.૮૮

૬ મૃત્યુ પછીની વિધિઓ પ્રાણમયપુરુષને આ બધાની તૈયારીઓ માટેની પ્રેરણારૂપ હોય છે. પૃ.૮૮

૭ તેથી મૃત્યુબાદ તે આત્માની જરૂરિયાત સ્વરૂપ નિયતિ હતી એમ સમજી શાંતિ અને સમતા જાળવવી જરૂરી છે. પૃ.૮૮

૮ માનવોના તે બાબતનાં મંતવ્યો ખોટાં જ હોય છે. પૃ.૮૮

૯ યોગી માટે મૃત્યુ એ એક જીવનમાંથી બીજા જીવનમાં પ્રવેશવાનું પ્રવેશદ્વાર

સમાન છે. પૃ.૮૯

૧૦ તેથી મૃત્યુ વખતે થનારા ભાવિ-જન્મના સંકલ્પને અનુરૂપ ઘાટ આપવા યોગીએ પ્રભુમાં જ એકાગ્રતા કરી દેહત્યાગ કરવો જરૂરી છે. પૃ.૮૯

૧૧ સાધના માટે સૂક્ષ્મ શરીર અથવા સૂક્ષ્મ અને સ્થૂળ શરીર બન્ને ધારણ કરવા જરૂરી છે. પૃ.૮૯

૧૨ આત્મહત્યાને લીધે તે આત્માના વિકાસમાં ઘણો બધો વિલંબ થઈ જાય છે. ઘણા જન્મો વ્યર્થ જાય છે. તેની સ્થિતિ વધારે કપરી બને છે, કારણ નિસર્ગ તેને જીવનની પરાભૂત મનોવૃત્તિનો નાશ કરવા તેવા જ સંયોગો ફરી ફરી રચે છે. પૃ.૮૯

૧૩ બીજા લોકોમાં પણ તેના માટે તેવા જ સંજોગો રચાય છે. પૃ.૮૯

૧૪ બધાનો એક સનાતન પ્રશ્ન છેઃ આપણે જન્મ્યા તેનો હેતુ શો? જેણે જગત રચ્યું તે આવો ક્રૂર કેમ?
શ્રી અરવિન્દનો જવાબ છે આપણે પ્રગતિ માટે જન્મીએ છીએ અને વિપત્તિ વગર જડતત્ત્વમાં પૂર્ણતા અને પ્રગતિની ઇચ્છા જન્મતી જ નથી, તેથી જ દુઃખો અને યાતના છે. જ્યારે તેની જરૂર નહીં હોય ત્યારે તે જગતમાં પણ નહીં હોય. પૃ.૯૦

૧૫ મૃત્યુની પ્રક્રિયાનો ડર્યા વગર, નિર્ભય રીતે પોતાની ગતિ માટે સારામાં સારો ઉપયોગ કરી લેવો તેમાં જ શાણપણ છે. પૃ.૯૧

૧૬ અહીંના જીવનની ક્ષણેક્ષણનો ઉપયોગ પોતાની ચેતનાના વિકાસમાં કરી લેવો એ જ જીવનની સાર્થકતા છે. ચેતનાનો વિકાસ એટલે ચેતનામાં રહેલ સંકલ્પને વાસ્તવિક કરવાનો પ્રયત્ન. પૃ.૯૧

૧૭ દર જન્મે મન, પ્રાણ, શરીરનાં તત્ત્વો જુદાં હોવા છતાં ચૈત્યપુરુષ તો સનાતન અને એક જ છે. ગત જન્મનાં અનુભવો તેમાં ગુપ્ત સંસ્કાર તરીકે ભંડારેલા હોય છે. તેથી નવા મન, પ્રાણ, શરીરને પણ તે ગતજન્મોનો ફાયદો પોતાના વિકાસમાં અપ્રત્યક્ષ રીતે લેતા આવે છે. ઘણી વખતે ગત તબક્કામાં મન, પ્રાણ, શરીરનાં દિવ્ય બનેલા અંશો ચૈત્યપુરુષના દિવ્યસ્વરૂપનાં અંગભૂત બની ગએલાં હોય છે, ત્યારે તેમાંના સંસ્કારો સીધેસીધા નવા તત્ત્વો ઉપર કાર્ય કરે છે. પૃ.૯૨

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# અતિમનસની કક્ષાઓ અને જીવન

પ્રકરણ - ૧૫

(ખંડ-૨, પૃ.૭૨-૭૫) (તા.૧૮-૮-૧૯૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** અતિમનસ વ્યક્તિ બનવા માટેની ઓછામાં ઓછી જરૂરિયાત શી છે?

**શ્રી અરવિંદ :** ૧) ઉચ્ચતમ મન (અધિમનસ)થી ભૌતિક તત્ત્વ સુધી બધાં જ સત્યો પ્રત્યે તેની ચેતના ઉદ્‌ઘાટિત થએલી હોવી જોઇએ.

૨) ચેતનાનું કેન્દ્ર ઋત્ - ચેતનામાં સ્થિર કરીને જીવવાની ક્ષમતા વિકસાવવી પડશે.

૩) માનસિક, પ્રાણમય કે શારીરિક બધા જ સ્તરે સત્યનો પ્રકાશ, તે અનુસાર સંઘટન અને સંવાદ સ્થાપવો પડશે.

**શિષ્ય :** શું અતિમાનસની કક્ષાઓ છે?

**શ્રી અરવિંદ :** હા, વ્યક્તિની ચેતનામાં તેના પ્રગતિશીલ ચાર તબક્કા છે. વેદોમાં તેને સારમા, સરસ્વતી, ઈલા અને દક્ષિણા કહે છે. સારમા અવસ્થામાં સત્યના પ્રકાશની ઝંખના અને શોધ શરૂ થાય છે. સરસ્વતી અવસ્થામાં તેને પ્રાપ્ત કરવાની પદ્ધતિ આંતરપ્રેરણાથી સમજાય છે. ઈલા અવસ્થામાં સત્યનો પ્રકાશ સ્થિર થઈને આપણા તત્ત્વો પ્રકાશમય બની જાય છે અને દક્ષિણા અવસ્થામાં અતિમનસ ચેતના તરફ કાયમી એકાગ્રતા અને સભાનતા સ્થપાય છે.

**શિષ્ય :** સત્યનો પ્રકાશ તરફ સ્વરૂપના બધાં ભાગો ખુલ્લા થાય છે ત્યારે અમુક વિરોધી શક્તિઓ સાથેનો સંઘર્ષ વધી જાય છે?

**શ્રી અરવિંદ :** પહેલા કેટલી અશુદ્ધિઓ નામશેષ કરી છે અને બાકી કેટલી રહી ગઇ છે તેના પ્રમાણમાં જ તે સંઘર્ષ નિર્માણ થાય છે. અશુદ્ધિઓને દેશવટો આપેલો હોય તો તેવા સંઘર્ષને કોઇ કારણ મળતું નથી.

**શિષ્ય :** શું ખુલ્લાપણું આવે તે પહેલાં જ આ બધું કરેલું હોવું જોઇએ?

**શ્રી અરવિંદ :** અતિમનસ, મન, પ્રાણ, શરીર દ્વારા પણ પોતાના અસ્સલ મૂળ સાક્ષાત્કાર પહેલાં કામ કરવા લાગે છે. દા.ત. આંતરપ્રેરણાત્મક મન એ ખરેખર તો

મન દ્વારા કાર્ય કરતાં અતિમનસનાં ઝબકારા હોય છે. અતિમનસની કક્ષાએથી તે અતિમનસનાં વિદ્યુતવેગી અનુમાનો લાગે છે. આવા નિમ્ન તત્ત્વો દ્વારા કાર્ય કરવાની ત્રણ કક્ષાઓ જોવા મળે છે : (૧) તેમાં મન સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને અતિમનસના પ્રતિનિધિ તરીકે કાર્ય કરે છે. આ છે પ્રતિનિધિ-સ્વરૂપની કક્ષા. (૨) બીજા તબક્કામાં પ્રતિનિધિ-તત્ત્વને સભાન સમજણ પ્રાપ્ત થાય છે. તેમાં અતિમનસ તરફથી આવતી પ્રેરણાનું તે અર્થઘટન સમજતું હોય છે. આ અર્થઘટન સ્વરૂપ તબક્કો છે. (૩) ત્રીજામાં અતિમનસમાંથી આવતી પ્રેરણાને તે તત્ત્વ આજ્ઞાસ્વરૂપે માની તેના માધ્યમ તરીકે કાર્ય કરે છે. આને આજ્ઞાસ્વરૂપનો તબક્કો કહી શકાય.

**શિષ્ય :** સાધારણીકૃત અતિમનસનો અર્થ શું છે ?

**શ્રી અરવિન્દ :** અતિમનસ મનની ગતિવિધિઓમાં તો ફેરફાર કરે છે પણ તેને અનુરૂપ થવા પોતાના સ્વરૂપમાં પણ ફેરફાર સ્વીકારે છે. આવા અતિમનસને સાધારણીકૃત અથવા સમસ્વરૂપ અતિમનસ કહે છે.

**શિષ્ય :** વેદોમાં જણાવેલ અગ્નિ અને ક્રતુ શું છે ?

**શ્રી અરવિન્દ :** ચેતના નિકાસને વેગ આપનાર પ્રકાશમય શક્તિ એ અગ્નિ છે. તે જ્યારે નિશ્ચિત પરિણામ લાવવા સંકલ્પ કરે છે ત્યારે તેને ક્રતુ (સંકલ્પ કરેલો) અગ્નિ કરે છે.

**શિષ્ય :** જ્યારે પૃથ્વી ઉપર ઘણા અતિમાનવો હશે ત્યારે કોઇ જુદી ભાષા બોલશે ? કે છે તે જ ભાષા વધારે અર્થ અને શક્તિ સાથે બોલશે ?

**શ્રી અરવિંદ :** તેવી વસ્તુ કવિઓ પણ કરી શકે છે. તે માટે અતિમાનવો બનવાની જરૂર નથી.

**શિષ્ય :** એમ કહેવાય છે કે એક સમયે પ્રાકૃતિક ભાષા હતી, માનસિક નહોતી.

**શ્રી અરવિંદ :** ભાષાનો ઉગમ પ્રાકૃતિક જ છે. પ્રાકૃતિક સંવેદનો જાહેર કરવા જ તે રચાઇ છે. તે માટે જુદી જુદી સંવેદનાઓ માટે અર્થછટાઓ નિર્માણ કરવા ધ્વનિમાં આરોહ-અવરોહ રચતા. તે પછી વિકસિત અવસ્થામાં વિચારો વ્યક્ત કરવા વધારે સમૃદ્ધ ભાષા વિકસાવવામાં આવી.

**શિષ્ય :** સર્વસામાન્ય વાતાવરણ વ્યક્તિ કે સમૂહની સાધનામાં કેવા પરિણમો રચે છે ?

**શ્રી અરવિંદ :** માનસિક વિચારો, પ્રાણમય આવેગો, સૂચનો વગેરેનું સર્વસામાન્ય વાતાવરણ બનેલું હોય છે. તેના વિક્ષેપથી બચવા એકાંત સેવાય છે. સૂક્ષ્મમાં નિર્લેપતાનું સુરક્ષા કવચ પણ રચવું પડે છે.

# ભાવિ સમાજ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

(પુસ્તિકા - ભાવિ સમાજ પૃ.૧૯ - ૨૮)

## ભાવિ-સમાજનાં લક્ષણો

**અવતરણો - પ્રકરણ - ૩**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ આધ્યાત્મિક સમાજમાં એક નાનકડા (વ્યક્તિગત) અહંકારનું બલિદાન લઈને તેને સ્થાને એક ઘણા.... મહાન અહંકારને (સમાજ અથવા રાષ્ટ્રનો) સ્થાપિત કરવામાં આવે છે..... આ સામુદાયિક અહંકારમાં કોઈ વિશેષ ગુણ રહેલાં છે કે તે વિશેષ ઉત્તમ છે તેવું લેશ પણ નથી. પૃ.૧૯

૨ હિન્દના પ્રાચીન શાસ્ત્રોમાં કહ્યું છે કે વિષ્ણુ પરમાત્મા ત્રેતાયુગમાં (બીજા શક્તિના યુગમાં) રાજાની અંદર અવતરે છે. દ્વાપરયુગમાં (ત્રીજા સમતુલાના યુગમાં) તે કાયદો રચનાર, શાસ્ત્રકાર તરીકે અવતરે છે અને સત્યયુગમાં તે યજ્ઞરૂપે એટલે કે પોતે સર્જેલા પ્રાણીઓના હૃદયમાં પ્રગટ થતા કર્મના સ્વામીરૂપે અવતરે છે. પૃ.૨૦

૩ (આધ્યાત્મિક) તેવા સમાજની કેળવણી તેની વિદ્યાઓ, તેનું વિજ્ઞાન, તેની નીતિ, કળા, તેનું અર્થતંત્ર તેમ જ રાજતંત્ર એ બધાં આ (આધ્યાત્મિક - જીવનનાં) લય પ્રત્યે જ અભિમુખ થએલાં હશે. પૃ.૨૦

૪ અર્થશાસ્ત્ર..... પોતપોતાની પ્રકૃતિને અનુસરાતો કામનો આનંદ આપવા પ્રયત્ન કરશે, હરેકને માટે તે એક સાદું છતાં સમૃદ્ધ અને સુંદર એવું જીવન રચી આપશે. પૃ.૨૨

૫ રાજકારણ..... એમ સમજશે કે જગતની દરેક પ્રજા પાછળ એક ગુપ્ત દિવ્યતા રહેલી છે..... વ્યક્તિની માફક આ રાષ્ટ્રરૂપ સમૂહ-આત્માઓએ પણ પોતપોતાની પ્રકૃતિને માર્ગે વિકાસ સાધવાનો છે. પૃ.૨૩

૬ સર્વ મનુષ્યો તથા સર્વે રાષ્ટ્રોએ આ પરમાત્મામાં, આંતર દિવ્યતામાં - પોતાનો વિકાસ સાધવાનો છે. પૃ.૨૪

૭ આપણા સ્વરૂપનાં જે જે નૈસર્ગિક - અંશો છે તે સર્વની સ્વતંત્રતાને પ્રભુ બહુ

જ માનપૂર્વક જાળવે છે. પૃ. ૨૫

૮ સર્વ અંશો - પોતા માટેનો નૈસર્ગિક વિકાસ સાધીને પોતામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. પૃ. ૨૫

૯ એ આધ્યાત્મિક યુગ માનવમાં રહેલાં આત્માનું દિવ્ય આંતરિક દબાણ જાગૃત કરશે અને એ રસ્તે માનવજીવનમાંથી બાહ્ય દબાણના તત્ત્વને..... ઘટાડી નાખવા પ્રયત્ન કરશે. પૃ. ૨૬

૧૦ એ (આધ્યાત્મિક) યુગનો માનવ..... પરમાત્મામાં જીવી રહેલો એક જીવાત્મા બની રહેલો હશે. પૃ. ૨૭

૧૧ પરમાત્મા તો બીજાઓમાં પણ એટલા જ રહેલા છે..... આમાંથી પણ એ વસ્તુ ફલિત બને છે કે વ્યક્તિ બીજાઓની સાથે વધુ ને વધુ વિકસતી..... આંતરિક એકતા પ્રાપ્ત કરે. પૃ. ૨૭

૧૨ પૂર્ણ સ્વતંત્રતાની માફક પૂર્ણ એકતા એ પણ પૂર્ણ જીવનનો સંકેત છે. પૃ. ૨૮

૧૩ બીજાઓની મુક્તિ અને પૂર્ણતા મેળવવા માટે પણ તે પ્રયત્નશીલ રહેશે. પૃ. ૨૮

૧૪ આવી વ્યક્તિને પોતાનું વ્યક્તિત્વ જ્યારે વિશાળમાં વિશાળ વિશ્વરૂપ બનેલું જણાશે ત્યારે જ તે પૂર્ણ બન્યું છે એમ અનુભવશે. પૃ. ૨૮

(ગતાંકથી ચાલુ)

## પ્રથમ સત્ય : પ્રભુ

તે પછી તે વ્યક્તિ વિશ્વ-ચેતનામાં પ્રવેશે છે. આ વિશ્વ-ચેતનાને જ વિષ્ણુ કહે છે. વિષ્ણુ એટલે સર્વેમાં પ્રવેશીને રહેલ ચેતના (વિશતે ઈતિ વિષ્ણુ). ગીતા કહે છે ''વિશતે તદંતરમ્''. શાસ્ત્રોમાં જણાવેલ છે કે વિષ્ણુ અર્થાત્ વિશાળ ચેતના કલિયુગમાં પ્રકટ થતી જ નથી અથવા મહામહેનતે પ્રકટ થાય છે. તે અપવાદાત્મક કિસ્સો હોય છે. ત્રેતાયુગમાં રાજાની અંદર પ્રકટ થાય છે કારણ તે સર્વજન હિતાય કાર્ય કરતો હોય છે અને તે શક્તિનો યુગ હોવાથી રાજશક્તિ તરીકે પ્રકટ થાય છે. દ્વાપરમાં શાસ્ત્રકારોમાં પ્રકટ થાય છે કારણ આ યુગ જ્ઞાનનો છે. સત્યયુગમાં દરેકના હૃદયમાં પ્રકટે છે, કારણ તે સત્યનો યુગ હોય છે. આવો સત્યયુગ હવે આવી રહ્યો છે. તેમાં જ આધ્યાત્મિક સમાજ રચાશે. કારણ આધ્યાત્મિક સમાજ એ આવા દરેકનાં હૃદયમાં પ્રકટતા આત્માના પરિણામ સ્વરૂપ જ હોય છે.

તેથી આધ્યાત્મિક સમાજની શરૂઆત જ આ રીતે પોતાની અંદર રહેલ દિવ્ય-આત્માના સાક્ષાત્કાર સ્વરૂપથી જ થશે. જીવનની બધી પ્રવૃત્તિઓનું તે મુખ્ય ધ્યેય અને હેતુ હશે - પછી તે કેળવણી હોય, રાજ્યશાસન હોય, સમાજ-વ્યવસ્થા હોય કે અર્થતંત્ર હોય. આ વાતથી એક વસ્તુ સમજાશે કે આપણા સમાજમાં નિરુપયોગી દેખાતી વર્ણાશ્રમ વ્યવસ્થા એ ખરેખર તો ભૂતકાળનાં આધ્યાત્મિક સમાજનાં જ મૃતપાય અવશેષ સ્વરૂપ જ છે. તેમનો ઉદ્દેશ જ વ્યક્તિ-જીવન અને સમાજ - જીવનના આત્મસાક્ષાત્કાર માટેની વ્યવસ્થાસ્વરૂપ હતો. આશ્રમ પદ્ધતિ (બ્રહ્મચર્યાશ્રમ વગેરે) વ્યક્તિગત જીવન માટેની અને વર્ણવ્યવસ્થા (બ્રાહ્મણ ક્ષત્રિય વગેરે) સામાજીક જીવનની વ્યવસ્થા હતી.

હવે તફાવત એ રહેશે કે પહેલા આ વ્યવસ્થા ફક્ત સમાજના ઉપલાવર્ગ માટે (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) હતી પણ હવે તે સમગ્ર પ્રજા માટેની હશે. કેળવણીનો ઉદ્દેશ પણ આત્મતત્ત્વનો સાક્ષાત્કાર જ હશે. સાથે સાથે ઉપજીવિકા માટે જરૂર અન્ય ઉદ્યોગિક ધંધાકીય જ્ઞાન આપવામાં આવશે. ભૌતિક વિજ્ઞાન ફક્ત પ્રકૃતિનાં નિયમો જાણવા માટે નહિ ભણાય પણ પ્રભુના આવિર્ભાવની પ્રક્રિયા જાણવા માટે કરવામાં આવશે. તેવું જ મનોવિજ્ઞાન બાબત હશે. ખગોળશાસ્ત્ર બાબત હશે. ઈતિહાસ અને ભૂગોળ બાબત હશે. ગણિત અને નીતિશાસ્ત્ર બાબત હશે. પ્રભુના આવિર્ભાવને સુંદર અને સુખદ બનાવવા માટે જ કલા અને સાહિત્ય પ્રયોજવામાં આવશે.

સામાજિક નિયમો ટોળાએ રચેલ બેઢંગા કે વ્યક્તિનાં સ્વાર્થ અને અજ્ઞાનજન્ય નહિ હોય, સંરક્ષણ આપવા માટે પણ નહિ હોય. માનવમાંની દિવ્ય-પ્રકૃતિને વિકસાવવા માટે રચાએલાં હશે. સમાજશાસ્ત્રના નિયમો બધાને ગુન્હેગાર સમજીને નહિ રચાય પણ દરેકને આત્માની અભિવ્યક્તિ તરીકે જોશે. તેમાં યાંત્રિક અને નિર્જીવ રીતે બધાંને સમાન અને સપાટ નહિ કરી દેવાય (સમાજવાદ જેવું) પણ આત્માની અભિવ્યક્તિની કક્ષા અનુસાર તેને ગણવામાં આવશે. અજ્ઞાનમાં સબડતા અને આત્મા બાબત તદ્દન અભાન વ્યક્તિઓને સભાન કરાશે. આત્માના વિકાસની શરૂઆત કરેલાઓને તેમની જરૂરિયાત મુજબ મદદ અપાશે. વિકસિત આત્માઓને પ્રથમ કક્ષાની વ્યક્તિઓના વિકાસમાં પ્રયોજશે.

ઉત્પાદન સ્પર્ધા સ્વરૂપ કે સહકાર સ્વરૂપ હોય તે નફા માટે નહિ પણ માનવોને

(પૃષ્ઠ ૨૩ ઉપર)

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન ઑક્ટોબરનાં ૨૦૧૧ના Next Futureનો સાર - સાભાર)

## અશક્ય વસ્તુ નથી

સમજૂતી : કમલેશ માંડવિયા

ગુરુત્વાકર્ષણના નિયમનાં અનેક પાસાંઓ આપણે જીવનમાં બહુ જ સ્વાભાવિક રીતે સ્વીકારી લીધાં છે અને આ નિયમ અનોખી રીતે આપણે અનુભવીએ છીએ. અનંત યાતના અથવા તો ભારેખમ દુઃખ આપણને નીચે ઢસડી જાય છે. એક વિરાટ પ્રયત્નની માંગણી આપણી માનવીય શક્તિઓ માંગી લે છે અને છતાં પણ જાણે કે આપણે આ ચક્રવાતમાંથી બહાર આવી જ નથી શકતા. આપણી પ્રકૃતિના 'અંતરાત્મા' ઉપર જાણે કે લોખંડી બેડીઓનું વજન પડી ગયું છે અને તે નીચે ને નીચે ઢસડાઈ રહ્યો છે. આની સામે આપણે એ પણ અનુભવીએ છીએ કે શાંત, નિર્મળ અને સુખરૂપ ક્ષણોમાં આપણે ઈન્દ્રિયાતીત બનીને ગગનમાં વિહાર કરતા પણ હોઈએ છે. આ બન્ને સ્થિતિઓ છે.

પરિસ્થિતિઓને અંકુશમાં રાખવી આપણા હાથની વાત નથી. આપણે સારી-નરસી વસ્તુઓને પારખીને આ બન્ને પરિસ્થિતિઓમાં સાંત્વના મેળવીને જીવન આગળ વધારી શકીએ છીએ. નીચે જતી સીડી પણ આપણને ઊર્ધ્વમાં જવા મદદરૂપ છે. છેવટે તો બધા જ નિયમો પણ !

પોતાનામાં સ્થગિત લોકોને આ કપરું લાગશે, પરંતુ પ્રગતિશીલ આત્મા માટે આ અશક્ય નથી જ. આ જ કારણે દુઃખો પણ બદલાઈ જતાં આપણે જોઈશું. બધું જ શક્ય છે, વીર યોદ્ધાને માટે.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૨૧-૧૨૯)

**અવતરણો** પ્રકરણ - ૧૯

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Each plane of our being..... mental, vital physical..... has its own consciousness..... though interconnected and interacting. P.125
2 The body.... has its own consciousness. Our surface mind knows very little about this body - consciousness. P 125
3 It is part of yoga to become aware of this separate consciousness of the body. P-125
4 How to make it conscious ? ..... By bringing down the true consciousness into it and by being quiet, vigilant and conscious in the mind and vital. P.125
5 The physical sadhana is to bring down the higher light and power and peace, Anand into the body consciousness, to get rid of innertia..... limitations. P.125
6 The body obeys the mind automatically in those things in which it is formed or trained to obey. P.126
7 In all automatic functioning, the body acts on its own. P.126
8 It can even be so trained that a mental will or suggestion can cure the illness. P.126
9 The body knows if its whole functioning is harmonious, well balanced, well regulated, Proceeding as it should. P.127
10 There may very well be among them (Various consciousness) Contradictions and conflicts. P.127
11 Human being have much more delicate and uncertain health than animals because their mind intervenes and disturbs the equilibrium. P.128
12 The instinct of the body is very sure. P.128
13 With the kind of education given to children, this sure instinct of the body is completely distroyed (or developed). P.128
14 The mind with its rigid principles and the vital with its excesses..... and passions are quick to destroy the body's equilibrium and to create a condition of fatigue, exhaustion and illness. P.128
15 By its very nature the body is a docile and faithful servant. P.129
16 It must be freed from this tyranny and this can be done only through a constant union with the Psychic Centre of the being. P.129

આપણા સ્વરૂપનાં બંધારણમાં અનેક તત્ત્વો વપરાએલાં છે. તે બધાં દ્વારા એક જ ચેતના પોતાને પ્રગટ કરે છે પણ દરેક તત્ત્વની પ્રકૃતિ જુદી હોવાથી એક જ ચેતના વિવિધ સ્વતંત્ર ચેતનાઓ તરીકે અનુભવાય છે. મૂળતઃ એક જ હોવાથી તેમનો એકબીજા ઉપર પરિણામ થાય છે. તે એકબીજાને મદદ કરે છે, સંઘર્ષમાં ઉતરે છે, વિરોધ કરે છે અથવા તેની ઉપર સવાર થઈ જાય છે.

સામાન્ય ચેતના મન, પ્રાણ, શરીર આ ત્રણ તત્ત્વોની બનેલી છે. તેમને જ શાસ્ત્રો ત્રિગુણ કહે છે. મન સત્ત્વગુણ છે, પ્રાણ રજોગુણ છે. શરીર તમોગુણ છે. એક જ્ઞાન નિર્માણ કરે છે, એક ઇચ્છા અને એક કૃતિ.

શરીરની આ રીતે સ્વતંત્ર ચેતના છે. શાસ્ત્રોમાં તેને 'શૈલપુત્રી' અથવા 'પાર્વતી' કહે છે. તે સદા મન, પ્રાણની ક્રિયાઓથી ઢંકાએલી હોવાથી તેનું સ્વતંત્ર અસ્તિત્વ જણાતું નથી, પણ થોડુંક નિરીક્ષણ કરતાં જ તેનું સ્વતંત્ર અસ્તિત્વ જણાય છે. દા.ત. મનનો આગ્રહ હોવા છતાં ઘણી વખત શરીર થાક, કંટાળો કે જડતાને કારણે તેની વિરુદ્ધ પોતાની પસંદગી મુજબ વર્તીને સંતોષ મેળવી લે છે.

યોગમાં શરીરની ચેતનાની અલગ પહેચાન મેળવવી, તેને કેળવી પ્રભુ પ્રત્યે વાળવી આ તેના સમગ્ર ધ્યેયમાંનો એક ભાગ બની રહે છે. પણ શરીર બચારું ગરીબ સાધન છે. તે મન અને પ્રાણની જોહુકમીથી આજ્ઞાધારક ગુલામ બની ગયું છે. તેને એ રીતે જ કેળવેલ છે. પણ આ તેનો મૂળભૂત સ્વભાવ નથી. આથી ઊલટું તેનો મૂળભૂત સ્વભાવ છે સ્વસ્થ, સંતુષ્ટ અને પ્રભુને સમર્પિત રહેવું. તે માટે શરીરને તેના આ મૂળભૂત સ્વભાવ બાબત સભાન બનાવવાની જરૂર છે. આપણી બાહ્ય ચેતના તે બાબત જરા પણ સભાન નથી.

તો તેને પોતાના અસ્સલ સ્વરૂપ બાબત સભાન કેવી રીતે કરવી ? તે માટે જરૂરી છે કે સત્ય-ચેતનાને નીચે અવતરણ કરાવીને તેમાં સ્થિર કરવી, જેથી તે શાંત, જાગૃત અને મન, પ્રાણની પણ મદદ લેવી જરૂરી હોય છે. આવી રીતે શારીરિક-સાધનામાં ઊર્ધ્વમાં રહેલ પ્રકાશને, શાંતિને, શક્તિને, આનંદને શરીરની ચેતનામાં ઉતારી તેની જડતાને નિવારવાની હોય છે. તેના અવિશ્વાસને, આત્મવિશ્વાસની ઊણપને, તેની મર્યાદાઓને ત્યાગવાની હોય છે. મન દ્વારા આત્મસૂચનથી તેની સ્વભાગવત ક્ષમતાઓને વિકસાવવાની છે. શરીર તો મને આપેલી આજ્ઞાનુસાર પોતે કેળવાય છે. ફક્ત તે સહજપ્રેરણા પ્રેરિત કાર્યો યંત્રવત્ કરવા ટેવાએલું હોય છે. દા.ત. છીંક ખાવી, બગાસું ખાવું, ઉધરસ ખાવી વગેરે. આ જ તેની ક્ષમતાને આપણે રોગ નિવારણ માટે પણ વાપરી શકીએ છીએ.

શરીરને પોતાના નિરામયતાનું જ્ઞાન હોય જ છે. બધી આંતરિક ક્રિયાઓ સંવાદપૂર્ણ રીતે ચાલી રહી છે. એ તે પોતે આંતરિક રીતે જ જાણે છે. બધી ક્રિયાઓ બરાબર નિયંત્રણ નીચે છે, ક્યાંય વિસંવાદ કે ખોટકો નથી એના સંવેદનો તેને મળતાં જ હોય છે.

પશુઓની ચેતના આ શરીરની સમતુલામાં હસ્તક્ષેપ કરતી નથી, તેથી પશુઓ માનવ કરતાં વધારે તંદુરસ્ત દેખાય છે. તે નિસર્ગ સાથે પૂર્ણ સંવાદમાં રહેતા હોય છે, પણ માનવ પોતાના શરીરને તેનું આરોગ્ય સાચવવાનું કાર્ય તેવી રીતે પાર પાડવા દેતો નથી.

તેનું મન શરીરને પોતાની સમજણ અને માન્યતા અનુસાર કેળવવાનો પ્રયત્ન કરે છે અને તેથી શરીર પોતાની સમતુલા અને સંવાદમયતા ગુમાવી બેસે છે. તેથી માનવ-જીવનમાં આરોગ્યનો પ્રશ્ન વધારે જટિલ બની ગયો છે.

માનવની કેળવણી આ શરીરની નૈસર્ગિક ક્ષમતાનો સર્વથા નાશ પણ કરી શકે છે અને તેને વિકસાવી પણ શકે છે. મન પોતાના અતિરેકી સિદ્ધાંતો અને પ્રાણ તેની તીવ્ર વાસનાઓને કારણે શરીરની સમતુલાનો મોટા ભાગે નાશ કરે છે. તેથી જ માનવી શરીરને થાક, નિચોવાઈ જવું, માંદગી વગેરેના વારંવાર અનુભવ આવે છે.

શરીરને મન, પ્રાણની ગુલામગીરી અને જુલમમાંથી બચાવવું હોય તો એક જ ઉપાય છે. તેનો સંપર્ક ચૈત્યપરુષ સાથે સાધવો જોઈએ. તેને કારણે શરીરમાં એક આશ્ચર્યકારક ફેરબદલ થાય છે. તેની અનુકૂળ થવાની ક્ષમતા અને સહનશીલતા ખૂબ જ વધે છે. શરીરનો ચૈત્યપુરુષ દ્વારા દિવ્ય-ચેતના સાથે સંપર્ક સધાતા જ તે પોતાના મૂળભૂત સ્વભાવ વિષે સભાન બનવા લાગે છે. (ક્રમશઃ)

---

(પૃષ્ઠ ૨૦ ઉપરથી)

## યોગ વિષે પત્રો

હોય છે અને તે જગતનાં સત્ત્વો તે વિશેષતા ધારણ કરીને રહેતાં હોય છે. આ સત્ત્વો ઉત્ક્રાંતિ શરૂ થઇ તે પહેલાથી ત્યાં રહેતા હોય છે. અતિમનસમાં ચેતનાની અખંડતા અને એકરૂપતાનો સ્થાયી ભાવ હોય છે અને તે દરેકની ચેતનાના અગ્રભાગે હોય છે. તેઓ તે બાબત સદા પૂર્ણ સભાન હોય છે. જ્યારે અધિમનસના દેવોની ચેતનામાં તે એકરૂપતા પાર્શ્વભૂમિમાં જતી રહી હોય છે અને અલગતા અગ્રભાગે અનુભવાય છેઃ તેઓ પ્રાસંગિક રીતે તે એકતાથી સભાન બની શકે છે.

દેવો ઉત્ક્રાંતિની પ્રક્રિયાને નીચે મુજબની પદ્ધતિથી મદદરૂપ થાય છે, તેઓ વિશ્વશક્તિઓ તરીકે ઉત્ક્રાંતિને અનુકૂળ ઘટનાઓ સર્જે છે અને અનુકૂળ વાતાવરણ નિર્માણ કરે છે. (૨) તેઓ પ્રતિકૂળ અદિવ્યશક્તિઓને પરાભૂત કરી તેમણે રચેલી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી ઉત્ક્રાંતિને અપાય થયા વગર બચાવી લે છે. (૩) ભૌતિક સ્તરે પોતાનો પ્રાદુર્ભાવ મોકલીને તેની દ્વારા લોકોને સાચી સમજણ આપે છે. (૪) કોઇ વિશેષ વ્યક્તિ સાથે તેના ભૌતિક અસ્તિત્વનાં સ્તરે જોડાઇને તેને યોગ્ય રીતે ઘડે છે, જેથી તેની દ્વારા તેઓ ઉત્ક્રાંતિને આગળ ધપાવે. (૫) સ્વપ્નમાં સાધકને યોગ્ય માર્ગદર્શન અને દિશા બતાડી તેની ઉત્ક્રાંતિ સાધે છે. (૭) સાધકના વ્યક્તિજીવનમાંની સમસ્યાઓને ઉકેલી તેને મદદ કરે છે.

અર્થાત્ આ ઘટનાઓ સમજવી સાધકને મુશ્કેલ જાય છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૪૦ - ૪૨) - પ્રકરણ-૧૩

## સૂક્ષ્મ ઇન્દ્રિયોની વાસ્તવિકતા

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**માણસો જેને ભ્રમ કહે છે તે આપણા સામાન્ય રીતના માનસિક અને ઇન્દ્રિયગમ્ય અનુભવોની પર રહેનારી વસ્તુઓ આપણા મન અને ઇન્દ્રિયો ઉપર જે પ્રતિબિંબ પાડતી હોય છે તે જ છે. મન આ પ્રતિબિંબોનો ખોટી રીતનો અર્થ ઘરાવે છે. તેને લઇને વહેમ ઊભો થતો હોય છે. એ સિવાય બીજો કોઇ ભ્રમ છે જ નહિ. (૧૩)**

* * *

''માતાજી, સૂક્ષ્મદર્શન અને ભ્રમની શું આમાં સરખામણી છે?''

''ઇન્દ્રિયોને જે સૂક્ષ્મ વસ્તુઓનો અનુભવ કે દર્શન થાય છે તેને સૂક્ષ્મ દર્શન કહેવાય છે. તેમાં તે ઇન્દ્રિયને જે વસ્તુનો અનુભવ થાય છે તેના સત્યની પ્રતીતિ મળે છે. તે સૂક્ષ્મ દર્શનોને પણ પોતાની આગવી સત્યતા હોય છે. દા.ત. વ્યક્તિમાંની પ્રાણમય ભૂમિકાને મળતું એક પ્રાણમય જગત જ વિશ્વમાં છે. વિકાસની સાથે આ વ્યકિતગત ભૂમિકામાં વિકસિત સ્વરૂપ બંધાતા તેને પેલા વૈશ્વિક પ્રાણમય જગતનો સ્પર્શ, દર્શન, શ્રવણ વગેરે કરવાની ક્ષમતાસ્વરૂપ ઇન્દ્રિયોનો વિકાસ થાય છે. તેનો ઉપયોગ કરી તે પ્રાણમય જગતના અનુભવો લઇ શકે છે. તેને જ લોકો સૂક્ષ્મ દર્શન કહે છે.

આવી વિવિધ સૂક્ષ્મ ભૂમિકાઓ વ્યક્તિમાત્રમાં જન્મથી છે જ, અને વિકાસના તબક્કાનુસાર તે ભૂમિકાનું સ્વરૂપ બંધાતા જે તે જગતનો અનુભવો આવવાની શરૂઆત થાય છે - સૂક્ષ્મ પાર્થિવ, પ્રાણમય, મનોમય, ચૈતસિક,

અધિમાનસિક, અતિમાનસિક આવા ચડતા ક્રમની ભૂમિકાઓ વ્યક્તિમાં છે અને તેવા સૂક્ષ્મ જગતો પણ છે.

આ ભૂમિકા ઉપરનાં દર્શનો સ્થૂળ ઇન્દ્રિયોને પોતાના અનુભવ ક્ષેત્રની બહારનાં લાગે છે. પણ અજાણતા જે તે ભૂમિકા જે અસ્પષ્ટ છાપ જે તે જગતની મેળવે છે તેના પ્રતિબિંબ આ સ્થૂળ ભૂમિકાની ઇન્દ્રિયોમાં પણ ઉમટતાં જ હોય છે પણ તે વ્યક્તિ તેને સમજી શકતી નથી. તેને પોતાની સમજણ પ્રમાણે ખોટો અર્થ આપી દે છે. આ ખોટો અર્થ એ જ તે સૂક્ષ્મ જગતના વાસ્તવિક - સત્ય બાબતનો ભ્રમ બની જાય છે.

આ ભ્રમ ટાળવા ગુહ્ય-વિદ્યાનો અભ્યાસ જરૂરી છે. જેઓ સૂક્ષ્મ - અસ્તિત્વ જ નકારે છે તે તો પોતાના જ્ઞાનનાં બારણાં બંધ કરીને બેસી ગયેલાં માણસો છે.

પણ આ જે છાપો સૂક્ષ્મ જગતની ભૌતિક ઇન્દ્રિયો ઉપર પડેલી છે તે વિકૃત- સ્વરૂપની હોય છે, તેમાં અસ્પષ્ટતા વધારે હોય છે, અને તે સીધેસીધી મળેલી ન હોવાથી તેટલી વિશ્વસનીય પણ હોતી નથી. તેથી તે ખરેખર સૂક્ષ્મ-દર્શન નથી પણ તેની નબળી વિકૃત છાયા સમાન હોય છે. તેથી તેમાં અજાણતા વ્યક્તિ પોતાના સુધારા - વધારા ઉમેરીને રજૂ કરતાં તે ભ્રમમાં ફેરવાઇ જાય છે. પણ તે ભ્રમ પાછળ કોઈક સત્યનો અંશ ઊભો જ હોય છે. સાચા સૂક્ષ્મદર્શનમાં સત્ય યથાવત પ્રગટ થાય છે. ભ્રમમાં વિકૃત રીતે એ જ તફાવત છે.

આપણી ભૌતિક ઇન્દ્રિયો ફક્ત ભૌતિક નથી. જેમ ભૌતિક શરીરના પાછળ રહીને પ્રાણમય, મનોમય શરીર કાર્ય કરતા હોય છે તેમ ભૌતિક ઇન્દ્રિયોનો પણ પ્રાણમય, મનોમય ભાગ હોય જ છે. તે વિકસાવવો એ ગુહ્ય વિદ્યાનો વિષય છે. પણ તેની દ્વારા મેળવેલું સાચું જ્ઞાન અને અનુભવ ભૌતિક જ્ઞાન અને અનુભવ જેટલાં જ સત્ય હોય છે.

# વેદનું રહસ્ય
- શ્રી અરવિન્દ

## આધુનિક - સિદ્ધાંતો

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૫૯-૬૮)

પ્રકરણ -૫

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧. પ્રાચીન રહસ્યવાદી કવિઓની પદ્ધતિને સમજવામાં તેઓ (યુરોપિયન વિદ્વાનો) અસમર્થ હતા. કારણ પ્રાચીન મિજાજ માટે તેમને સહાનુભૂતિ ન હતી. પૃ. ૫૯

૨. તેનાં બે પરિણામ આવ્યાં - એક... વૈદિક અર્થની સમસ્યાને હલ કરવા સ્વતંત્ર પદ્ધતિ (વ્યુત્પત્તિશાસ્ત્રની અને તુલનાત્મક પુરાણશાસ્ત્રોની) આવી... બીજું, દેખીતા ભૌતિક અર્થને... અતિશયતા આપવામાં આવી. પૃ. ૫૯

૩. તેમણે સાયણના વેદભાષ્યમાં સચવાઈ રહેલા પરંપરાગત તત્ત્વોને પાયારૂપે આવકાર્યા. પૃ. ૫૯... તેને આધુનિક સિદ્ધાંતોમાં... વિકસિત કર્યું. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની, પુરાણશાસ્ત્રની, ઈતિહાસની, તુલનાત્મક પદ્ધતિઓ દ્વારા... નિગમનો તારવ્યાં... વૈદિક પુરાણશાસ્ત્રના, વૈદિક ઈતિહાસના, વૈદિક સંસ્કૃતિના સિદ્ધાંતની સંપૂર્ણ ઈમારત ખડી કરી... (પણ) પાયામાં મોટે ભાગે અનુમાનોની રેતી છે. પૃ. ૫૯-૬૦

૪. આધુનિક સિદ્ધાંત એક ખ્યાલથી પ્રારંભ કરે છે... વેદમાં પ્રાથમિક અવસ્થાના... અસંસ્કૃત સમાજની પ્રાર્થનાઓ છે... સામાજિક અવસ્થા... જંગલી, જગતને જોવાનું દૃષ્ટિબિંદુ... બાલિશ... પૃ. ૬૦

૫. વૈદિક દેવતાઓનું પ્રાકૃતિક શક્તિઓ સાથેનું તાદાત્મ્ય તેમણે ઝડપી લીધું... તેમાં અગત્યનું ખગોળશાસ્ત્રનું તત્ત્વ વિદ્યમાન હતું. પૃ. ૬૦.

૬. આ અર્થ જંગલી લોકોના તાજેતરના વિકાસના સિદ્ધાંતો સાથે સુસંગત છે. પૃ. ૬૦

૭. અનેક હજારો વર્ષો પૂર્વે ચીનમાં, ઈજિપ્તમાં, કેલ્ડિયામાં, એસિરિયામાં નોંધપાત્ર સંસ્કૃતિઓ વિદ્યમાન હતી (તેનું શું?) પૃ. ૬૧

૮. (આધુનિક સિદ્ધાંત મુજબ) વૈદિક ભારતીયો કહેવાતી આર્યજાતિઓમાંની એક જાતિ હતી... આર્યજાતિઓ ઉત્તરપ્રદેશની જંગલી જાતિઓ હતી. પૃ. ૬૧

૯. (ઊલટાનું) પ્રાચીન કેલ્ટિક જાતિઓ પાસે ચોક્કસ ઉચ્ચતમ તત્ત્વચિંતનના વિચારો હતા.... ભારતીય સંસ્કૃતિ આપણા વૈદિક પૂર્વજોએ વાવેલાં વિચારો અને વલણોનું જ ક્રમિક પરિણામ છે. પૃ. ૬૨

૧૦. તુલનાત્મક પુરાણશાસ્ત્રે માનવીના વિકાસના આ અગત્યના તબક્કા પ્રત્યે દુર્લક્ષ્ય કર્યું છે. (તેમાં) જ્ઞાનપ્રાપ્તિ કરવા માત્ર કલ્પનામય અનુમાનો જ એક સાધન છે. પૃ. ૬૩

૧૧. આધુનિક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રે ભાષાના સ્વરશાસ્ત્ર તથા શબ્દવ્યુત્પત્તિ... બાબતમાં વધારે સાચા અર્થો આપ્યાં છે. પણ તે... ભાષા... વિજ્ઞાનની રચના કરવામાં નિષ્ફળ નીવડી છે. હજી સુધી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનાં પરિણામોમાં કોઈ સાચી નિશ્ચિતતા નથી. પૃ. ૬૫

૧૨. આ ઉપરથી જણાશે કે વેદનો અર્થ કરવાનો પ્રશ્ન હજી ખુલ્લું ક્ષેત્ર છે. પૃ. ૬૬

૧૩. શ્રી ટિળકે તેમના **Artic Home of the Aryans** નામના પુસ્તકમાં... વૈદિક ઉષાનું નવીન અધ્યયન કરીને... સૂક્તોની ખગોળશાસ્ત્રીય હકીકતોનો અભ્યાસ કરીને, આર્યજાતિઓ ગ્લેશિયર્સ સમય દરમિયાન ઉત્તરધ્રુવના પ્રદેશમાંથી ઊતરી આવી હતી (એવો સિદ્ધાંત મૂક્યો છે.) પૃ. ૬૬

૧૪. શ્રી ટી પરમશિવ આયરે... સમગ્ર ઋગ્વેદમાં આપણા પૃથ્વીગ્રહના... જન્મ વખતનાં ભૂસ્તર વિદ્યાનાં દૃશ્યોનું રૂપકમય વર્ણન છે (એવું સૂચવેલ છે.) પૃ. ૬૬

૧૫. આર્ય સમાજના સ્થાપક સ્વામી શ્રી દયાનંદે... વેદો ધાર્મિક, નૈતિક અને વૈજ્ઞાનિક સત્યની સંપૂર્ણ આંતરદર્શના છે (એવું જણાવેલ છે.) પૃ. ૬૭

૧૬. પ્રાચીન જાતિઓએ ભૌતિક વિજ્ઞાનોમાં વધારે વિકાસ સાધ્યો હતો... પ્રાચીન ભારતીયો ખગોળ વિદ્યાના જાણકાર હતા, કુશળ વૈદ્યો હતા. પૃ. ૬૭

૧૭. હું જે માન્યતા ઉપર સંશોધન કરવા માંગુ છું તે એ કે વેદના અર્થને બે બાજુ છે અને તે બંને પરસ્પર ગાઢ રીતે સંબંધિત હોવા છતાં બેને જુદી રાખવી જોઈએ. પૃ. ૬૮

૧૮. આ કામમાં વેદનો અર્થ કરવાની પ્રાચીન તથા આધુનિક... બંને પદ્ધતિઓ અનિવાર્ય મદદ આપે છે. પૃ. ૬૮.

વેદોના અર્થ લગાડવા માટે યુરોપિયન વિદ્વાનો તથા ભારતીય વિદ્વાનો બંનેએ પ્રયત્નો કર્યા છે. તેમણે તે માટે આધુનિક સિદ્ધાંતોનો આધાર લીધેલો છે. તેમની સમીક્ષા કરી લેવી જરૂરી છે.

યુરોપિયન વિદ્વાનો ભૌતિકવાદના માહોલમાં તૈયાર થયેલા હોવાથી રહસ્યવાદી ઋષિઓની અભિવ્યક્તિ - સ્વરૂપ સૂકતો તેઓ સમજી શકતા નહોતા. ભારતીય અધ્યાત્મની તેમને સમજણ પણ નહોતી. તેમની તેવી સ્થિતિને કારણે બે પરિણામો આવ્યાં :

૧. તેમણે વૈદિક શબ્દોનો અર્થ લગાડવા આધુનિક સંશોધન પદ્ધતિ પ્રયોજી, જેમાં શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર અને તુલનાત્મક પુરાણશાસ્ત્રો મહત્ત્વનાં હતાં. તેમણે આર્યોને અન્ય સ્થળેથી ઊતરી આવેલી જાતિ તરીકે ગણી.

૨. તેથી વેદોનું આંતર-રહસ્ય જાણે કાયમી સ્વરૂપે અંદર જ કેદ થઇ જવાની પરિસ્થિતિ નિર્માણ થઇ !

પોતાની પદ્ધતિ માટે તેમણે સાયણના ભાષ્યમાં સચવાયેલા અવશેષોને મુખ્ય આધાર માન્યો.

અંતે, વૈદિક સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાણોની ભવ્ય ઇમારત ખડી કરી પણ તેના પાયામાં કાલ્પનિક અનુમાનો કરતાં કોઇ નક્કર સત્ય જરા પણ નહોતું.

તેમના આધુનિક સિદ્ધાંતનાં પ્રમુખ લક્ષણો નીચે મુજબનાં છે :

૧. વેદોમાં માનવસમાજની પ્રાથમિક જંગલી અવસ્થાનું પ્રતિબિંબ છે.

૨. જગતના અભ્યાસ માટેનું તેમનું દૃષ્ટિબિંદુ અંધશ્રદ્ધા અને બાલિશતાથી ભરપૂર હતું.

૩. વેદોમાંથી તે જંગલી જાતિના રીતરિવાજો, ધર્મ, સમાજ વગેરેની વિગતો મેળવી શકાય છે.

૪. દેવો એટલે પ્રાકૃતિક શક્તિઓનાં કાલ્પનિક પ્રતીકો માત્ર.

૫. તેમને બલિદાન આપવાથી તેઓ સંતુષ્ટ થાય છે નહિ તો સર્વનાશ વેરે છે; એવી અંધશ્રદ્ધા આર્યો ધરાવતા હતા.

૬. ઘણાં દૈવીરૂપકો ખગોળશાસ્ત્રીય ઘટના ઉપર આધારિત છે. દા.ત. ગ્રહણ.

આ સિદ્ધાંતો જંગલી જાતિઓના વિકાસના જે તબક્કા પ્રચલિત આધુનિક સમાજશાસ્ત્રે માન્ય કરેલા છે તેની સાથે સુસંગત રીતે ગોઠવેલાં હતાં.

પણ આ કાલ્પનિક સુસંગત ચિત્રને વાસ્તવિક પુરાવાઓ માન્ય રાખતા નથી. કારણ -

૧. હજારો વર્ષો પહેલાં જ ચીન, ઈજિપ્ત, કેલ્ડિયા, એસેરિયામાં મહાન સંસ્કૃતિઓનો ઉદય અને અસ્ત આ સિદ્ધાંતને ખોટો ઠરાવે છે.


૨. એ વખતની એશિયા અને મેડિટેરિનિયન જાતિની સંસ્કૃતિઓ જેવી જ ગ્રીસ અને ભારતની સંસ્કૃતિ વિકસિત હતી તેના પુરાવા મળ્યા છે.

૩. હોમર કાવ્યમાં, નોર્સ ગાથાઓમાં, પ્રાચીન ગોલ અને ટ્યૂટન લોકોનાં જે ભટકતી જાતિનાં વર્ણન રોમન લોકોએ આપેલાં છે તેવી જ આર્યજાતિ હતી એવી માન્યતાને કારણે આર્યો ઉત્તર ધ્રુવના ઠંડા પ્રદેશમાંથી ગ્લેશિયર ઓગળવાથી આવેલા મહાપૂર વખતના સંકટમાંથી ભારતમાં ઊતરી પડેલી આર્યજાતિઓમાંની એક જાતિ હતી તેવી કલ્પના માન્ય કરવામાં આવેલી, પણ તેને કોઈ ઐતિહાસિક પુરાવા મળેલાં નથી.

૪. આર્યો ગોરા, ઊંચા, અણીદાર નાકવાળા અને અનાર્યો, દ્રવિડો કાળા, ઠીંગણા, નકટા હતા તેવી કલ્પના કરીને આર્ય-અનાર્ય આ વંશીય ભેદ છે, સાંસ્કૃતિક નહિ, એવો દાવો હવે પોકળ પુરવાર થયો છે. 'અનાસા'નો અર્થ તેમણે નકટો લીધો છે તે જ ખોટો છે. 'આસાઃ'નો અર્થ દૈવી પ્રકાશમાં સ્થિર થયેલાં અને (આસ ઉપરથી આસન્ શબ્દ આવ્યો છે.) 'અનાસઃ' એટલે દૈવી પ્રકાશની સાધનામાં સ્થિર નથી તેવા જાદુટોણામાં માનનારાં; તેમનો ભેદ સાંસ્કૃતિક છે, વંશીય નથી, દ્રવિડોનાં નાક ચીબાં જ હોય એવો કોઈ પુરાવો નથી. (તેવા નાક તો મંગોલિયન જાતિનાં હતાં. કારણ તેઓ ઠંડા પ્રદેશના હોવાથી કુદરતે ઠંડીથી બચવા તેમના નાકનાં છિદ્રો નાના રાખેલાં છે.)

૫. સમજો એમ માની લઈએ કે કેલ્ટ, ટયૂટન, ગ્રીક, ભારતીય જાતિઓ વધારે સુસંસ્કૃત જાતિઓ નહોતી. તેમની સંસ્કૃતિ અવિકસિત, પ્રાથમિક સ્વરૂપની હતી; તો તારણ એ નીકળવું જોઈએ કે ભારતીય જીવન પદ્ધતિ જંગલી અને અસંસ્કૃત હોવી જોઈએ પણ ભારતીય જીવન પ્રણાલીના ચાર પુરુષાર્થો, ચાર આશ્રમો, વિશુદ્ધ જીવનની પ્રાર્થના - સ્વરૂપ સૂકતો, દેવો વિશેનાં આધ્યાત્મિક ખ્યાલો બધા જ પુરાવા વિરુદ્ધમાં જ જાય છે.

**(ક્રમશઃ)**



# શ્રી અરવિંદ

A thought was sown in the unsounded void,
A sense was born within the darkness depths,
A memory quivered in the heart of the Time,
As if a soul long dead were moved to life:

Savitri B-1, C-4, P-3

## આદિ સંકલ્પનું વાવેતર

ભાવાનુવાદ

વિચાર એક વવાણો નિ:શબ્દ અવકાશમાં,
સભાન ચેતના સળવળી, અચિત્‌ના ગર્તમાં,
સ્મૃતિ એક ઝંકૃત થતી, સમય-પુરુષના વક્ષામાં,
મૃત આત્મા જાણે જાગતો, જીવને ફરી આ કાળમાં.

# દ્વાદશ જ્યોતિર્લિંગો

**સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રીશૈલે મલ્લિકાર્જુનમ્ ।**
**ઉજ્જયિન્યાં મહાકાલ મોંકાર મમલેશ્વરમ્ ॥૧॥**
**પરલ્યાં વૈદ્યનાથં ચ ડાકિન્યાં ભીમશંકરમ્ ।**
**સેતુબંધે તુ રામેશં નાગેશં દારુકાવને ॥૨॥**
**વારાણસ્યાં તુ વિશ્વેશં ત્ર્યંબકં ગૌતમીતટે ।**
**હિમાલયે તુ કેદારં ઘુશ્મેશં ચ શિવાલયે ॥૩॥**

* * *

બાર જ્યોતિર્લિંગો રહ્યાં, ઠેર ઠેર એ ભારતે,
સૌરાષ્ટ્રમાં સોમનાથ ને, મલ્લિકાર્જુન શ્રીશૈલ પર્વતે.
ઉજ્જયનીમાં મહાકાળ ને, ઑઁકારનાથે અમલેશ્વર,
પરલી વસે છે વૈદ્યનાથ ને, ડાકિનિએ ભીમશંકર.
સેતુબંધે રામેશ્વર ગણ્યાં, નાગેશ છે દારુકાવને,
કાશિએ વિશ્વનાથ ને , ત્ર્યંબકેશ્વર ગોમતિ તટે.
હિમાલયે કેદારનાથ ને, ઘુશ્મેશ્વર વેરુલે ગણે,
તે બધાંને હું નમું, પ્રભુનાં વિવિધરૂપો બધે.


**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો
www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**